vitraag vigyaan

# અનન્ય પરિવર્તન

November 2015, Mumbai • Volume 5 • Issue 6



॥ મમઃ સદ્‌ગુરુદેવ સહજાત્મ સ્વરૂપી કૃપાળુદેવ ॥

બીજું કાંઈ શોધમાં — માત્ર એક સત્પુરુષને શોધીને તેનાં ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા. પછી જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે.

સત્પુરુષ એ જ કે નિશદિન જેને આત્માનો ઉપયોગ છે. શાસ્ત્રમાં નથી. અને સાંભળ્યામાં નથી. છતાં અનુભવમાં આવે તેવું જેનું કથન છે. અંતરંગસ્પૃહા રહિત એવો જેનો ગુપ્ત આચરણ છે. બાકી તો કંઈ કહ્યું જાય તેમ નથી.

અને આમ કર્યા વિના તારો કોઈ કાળે છૂટકો થનાર નથી. આ અનુભવવચન પ્રમાણિક ગણ —

વિ — રાયચંદના પ્રણામ — આશીર્વાદ
શાંતિ [illegible]

૨

એક સત્પુરુષને રાજી કરવામાં તેની સર્વ ઇચ્છાને પ્રશંસવામાં તેને જ સત્ય માનવામાં આખી જીંદગી ગઈ તો ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ પંદર ભવે અવશ્ય મોક્ષે જશો.

[illegible]

# અનુક્રમણિકા


પ્રાર્થનામૃત ........................................ ૩
પત્રોની પાંખે .................................... ૪
જ્ઞાન સાગર ........................................ ૬
पूज्यश्री की अमृतवाणी ..................... ૧૧
The Master's Voice ...................... ૧૫
પ્રશ્નોત્તરી ........................................ ૧૮
अहेवाल .......................................... ૨૦
અર્વાચીન જૈન જ્યોતિર્ધરો .................. ૨૨
જૈન ધર્મનો પગથાર ........................... ૨૫
અખાના છપ્પા .................................. ૨૮
મુમુક્ષુની કલમે .................................. ૩૦
RIYF .............................................. ૩૧
एक प्रेरणात्मक सत्य कथा .................. ૩૩
Shree Raj Medical Centre ........... ૩૫
Health To Happiness .................. ૩૭
Relationships .............................. ૩૮
સોહામણું સત્ય ................................ ૪૦
Tasty Bites .................................. ૪૨
તત્ત્વ પહેલી ..................................... ૪૩
Laughter is the Best Medicine .... ૪૪
Forthcoming Events .................... ૪૬
From Us... to You ........................ ૪૭
Sponsorship ................................ ૪૮






**દીપાવલીના પ્રકાશથી,**
**વિલીન કરીએ અનાદિના અંધકાર,**
**નૂતન વર્ષના મંગલ પ્રભાતે,**
**આત્મ પ્રકાશનો કરીએ નિર્ધાર.**

દિવાળી એટલે પ્રકાશનું પર્વ, રત્નત્રયની રોશની પ્રગટાવવાનું પર્વ. નૂતન વર્ષના મંગલ પ્રભાતે આપણને સહુ મુમુક્ષુઓને એક અણમોલ ભેટ મળી છે. જ્ઞાનીની કૃપાદૃષ્ટિ અને કરૂણાનો ધોધમાર વરસાદ આપણા સહુની ઉપર વરસ્યો છે; આત્માનું સહજ સ્વરૂપ પ્રાપ્ત કરવાના મંત્ર રૂપે. હૃદયમાં કોતરાઇ જાય એવો મંત્ર છે....

**॥ મમ: સદ્‌ગુરુ દેવ સહજાત્મ સ્વરૂપી કૃપાળુ દેવ ॥**

પ્રત્યક્ષની હાજરીમાં, પ્રત્યક્ષની આજ્ઞાએ, એક પણ ક્ષણ વેડફ્યા વગર આ પવિત્ર વચનને મંત્ર રૂપે જપતાં જપતાં વૈરાગ્યની રંગોળી પૂરીશું.... શ્રધ્ધાના સાચા સાથિયા કરીશું.... સમ્યકદર્શન રૂપી દીવાનું અજવાળુ કરીશું અને એક દિવસ એવો આવશે કે આત્માનું સહજપણું આપણે અનુભવીશું; આ જ્ઞાનીનું વચન છે.

આત્મજ્ઞાનની સાચી સમજણ **'હું આત્મા છું'** આવતાં અને જ્ઞાનીના આશ્રયે સત્ પુરુષાર્થ થતાં જે પુણ્યની પ્રાપ્તિ થાય છે એનાથી શુભ કર્મનો જથ્થો ભેગો થાય છે જે વધતાં વધતાં સમક્તિના પંથ સુધી દોરી જાય છે. સમ્યકજ્ઞાન અને સમ્યકદર્શન થતાં આત્માના અદ્‌ભુત રહસ્યો પ્રગટ થતાં જાય અને હૃદયની સોંપણી, ઇચ્છાની સોંપણી અને બુધ્ધિની સોંપણી એની મેળે થતી જાય. આવી અર્પણતા સમ્યક ચારિત્ર સુધી પહોંચાડે છે. આનું બીજું નામ છે ભક્તિ.... જે મુક્તિ સુધી પહોંચવાનો રાજમાર્ગ છે.

આપ સર્વેને સત્પુરુષાર્થની શુભેચ્છા આપતાં એટલો જ ભાવ રહે છે.....

સત્પુરુષનું યોગબળ આપણા સહુ માટે કલ્યાણમય થાય.



**સર્વેને**
**નૂતન વર્ષાભિનંદન.**



# પ્રાર્થનામૃત



હું આત્મા છું... હું આત્મા છું...

વીતરાગતા મારો સ્વભાવ...

મારા મૂળભૂત સ્વરૂપમાં હું વીતરાગી છું... જેવા અરિહંત પરમાત્મા છે... જેવા સિદ્ધ પરમાત્મા છે... એવો જ હું છું.... અરિહંત દેવ અને સિદ્ધ પરમાત્માએ રાગ-દ્વેષનો ક્ષય કરી વીતરાગ સ્વભાવને પ્રગટ કર્યો છે... મારે એ પ્રગટ કરવાનો છે.... વીતરાગ સ્વરૂપ મારામાં જ છે.

રાગ દ્વેષના નિમિત્તોને આધીન થઈને રાગ દ્વેષ કરું છું... એ નિમિત્તોથી પર થઈ... મારામાં રહી... નિમિત્તોને આધીન ન બનું... મારી સમજણ દ્વારા, મનનાં સંયમ દ્વારા... રાગ કે દ્વેષના ભાવોને ઉત્પન્ન ન થવા દઉં... મારા રાગ દ્વેષ મંદ પડશે... આજ સુધી રાગ દ્વેષના કારણે જ દુઃખી થયો છું... મારું દુઃખ રાગ દ્વેષના કારણે જ છે. ... હવે રાગી દ્વેષી મટી જાઉં... વીતરાગતાને જાણી.... વીતરાગતા જગાવવાનો પ્રયાસ કરું... વીતરાગતા જાગે છે... હું અનંત શક્તિનો સ્વામી છું... મારી શક્તિનો પ્રયોગ કરી... સ્વભાવને જાગૃત કરી શકું છું... અરિહંત, સિદ્ધ જેવી દશા મારામાં પ્રગટી શકે છે... એ માટે સ્વને ઓળખું... સ્વને જાણું... સ્વમાં સમાઈ જાઉં... મને પામી શકું છું... સત્ચિદાનંદ આત્માને પામવા માટે એકાગ્રતા પૂર્વક શુદ્ધાત્માનું ચિંતન...

હું આત્મા છું.... હું આત્મા છું....

**ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ**

---

**નોંધ :** સ્વને જાણવા, સ્વને માણવા, સ્વને અનુભવવાના ભાવથી પૂ. ડૉ. તરૂલતાબાઈ મહાસતીજીના પુસ્તક 'આત્મ ચિંતન'માંથી ઉપર્યુક્ત પ્રાર્થના લેવામાં આવી છે.

# પત્રોની પાંખે



નિજી ભાવોને વ્યક્ત કરતા પરમાર્થિક પ્રશ્નોનાં નિરાકરણ માટે પરમ પૂજ્ય શ્રી પ્રેમઆચાર્યજી સંબોધિત લખાયેલા જુદા જુદા મુમુક્ષુઓના પત્રોનાં જવાબમાં તેઓશ્રીના ઉત્તર રૂપી પત્રોની આ શૃંખલામાં તેમની નિષ્કારણ કરુણા અને પ્રેમસ્વરૂપ સહજ સ્વભાવના દર્શન થયા વગર રહેતા નથી. ચર્મચક્ષુથી વંચાતા એમના ગુજરાતી ભાષાના સાદા સીધા લાગતા શબ્દોને જો આત્મચક્ષુથી ઉકેલવામાં આવે તો અપરંપાર એવું આત્મત્વ ભરેલું દષ્ટિગોચર થયા વગર નથી રહેતું અને દંગ બની આશ્ચર્યચક્તિ થઈ ''અહો! અહો! શ્રી સદ્‌ગુરુ, કરુણાસિંધુ અપાર; આ પામર પર પ્રભુ કર્યો, અહો! અહો! ઉપકાર.'' એ પરમ કૃપાળુ દેવનાં વચનો જીવ વેદ્યા વગર નથી રહી શકતો.

(ગતાંકથી ચાલુ...)

સ્કાઉટના ગુણો લખ્યા છે.

જે ગુણોને આદર્શ અને જીવનમાં ધ્યેયરૂપ તમે લખેલા છે. જે ગુણો સર બ્રેડન પોવેલે સ્કાઉટ માટે જણાવ્યા છે. આપણી ભાષામાં લખીએ તો આ ગુણો થશે - વિશ્વાસુ, વફાદાર, બાંધવ, પરગજુ, (પરોપકારી - હેલ્પફુલ) વિનયી.

વિવેકી, દયાળુ, આજ્ઞાંકિત, હસમુખ (આનંદી), પવિત્ર (મન-વચન-કાયાએ) આ ગુણોને જ જ્ઞાનીઓએ ''માર્ગમાં ચાલનાર'' મુમુક્ષુનાં જણાવ્યા છે અને આ ગુણોને જ્ઞાનીઓ જગતના આદિ પુરુષ શ્રી આદિનાથ અથવા બ્રહ્માના નામે ઓળખે છે. જીવનમાં સાચા ધ્યેય માટેનું પહેલું પગથિયું આ ગુણો છે. જ્યારે બીજા ઘણા દર્શનને આ પહેલું પગથિયું જ છેવટનું ધ્યેય લાગે છે. ગમે તેમ પણ જે કોઈ જીવ જગતમાં આવી, કંઈક કરવા ઈચ્છે છે, કોઈ ધ્યેયમય જીવન જીવવા માંગે છે તેણે તો ઉપર જણાવ્યા ગુણોની અખંડ ઉપાસના કરવી જ જોઈએ, કરવી જ જોઈએ.

વિશેષ વિચારતાં સર્વપ્રકારે સમજાશે કે અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહમાં જગતના સર્વે ગુણો સમાઈ જાય છે અને સાચા હૃદયે તે પાળવામાં આવે તો બેડો પાર થાય જ. (બેડો - આપણે; પાર - ભવસાગર પાર)

આ તો સિદ્ધાંતની વાત થઈ, પરંતુ મુશ્કેલી છે વ્યવહારની. ગુણો તો સમજ્યા પરંતુ કોણે અપનાવવા? દરેક ''બોલનાર'' કહેશે બધાએ આમ કરવું જ જોઈએ અને બળાત્કાર - તુલનાએ બીજા પાસે તેમ કરાવવા ઈચ્છા કરશે અને અપેક્ષા કરશે અને પછી વાત આવશે અધિકારની. મારી વાત બધાએ (ખાસ આશ્રિતોએ) માનવી જ જોઈએ, આવા સારા આદર્શ તો રાખવા જ જોઈએ વિગેરે. દરેક જીવ સમજીને આ ગુણોની ઉપાસના પોતા માટે કરે તો અવશ્ય કલ્યાણ

થાય. જીવનનો ધ્યેય લક્ષગત થાય.

ધર્મ અનેક પ્રકારના છે. જેમકે પિતા-ધર્મ, માતાનો ધર્મ, દીકરા-દીકરીનો ધર્મ, કુટુંબ, સમાજ, રાષ્ટ્ર વિગેરે વિગેરે ધર્મ. આ ધર્મનો અર્થ છે ફરજ, ડ્યુટી. જૈન દર્શન (તેમજ બીજા દર્શનો) જ્યારે ધર્મ શબ્દ વાપરે છે ત્યારે મુખ્યત્વે તેનો અર્થ ''વસ્તુ સ્વભાવ'' થાય છે. જે કોઈ પદાર્થનો મુળભૂત જે સ્વભાવ છે તે તેનો ધર્મ કહેવાય.

જેમ પાણીનો સ્વભાવ શીતળતા, અગ્નિનો સ્વભાવ ઉષ્ણતા, જડનો સ્વભાવ સંયોગ - વિયોગ વિગેરે. આમ ધર્મ શબ્દના આ સિવાય પણ બીજા અર્થો પ્રચલિત છે અને જુદા જુદા સમયે ધર્મને જુદા જુદા અર્થમાં વર્ણવ્યો છે. ''જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, ત્યાં ત્યાં તે તે સમજવું.'' આમ છતાં દ્રવ્યને પોતાના સ્વભાવમાં જે રીતે લવાય તે મુખ્યપણે (આપણો આત્માનો) ધર્મ અને સ્વભાવમાં લાવવા માટે જે કંઈ સાધનો ઉપયોગમાં લેવાય તે પણ (પ્રચલીતાર્થે) ધર્મ, વ્યવહાર ધર્મ.''

જે કંઈ પણ, બીજાને દુઃખ આપ્યા વગર કરી શકાય તેવા સર્વ સદાચાર, સદ્‌વ્યવહાર સનાતન સત્ય છે જ. ફરીથી જણાવીશ તે ફક્ત પોતાના માટે જ છે, જબરદસ્તીથી બીજા પાસે કરાવવા માટે નથી. જ્યાં લક્ષ બીજા ઉપર ગયો ત્યાં સ્વમાંથી પરમાં ચાલી જવાય. પછી જીવનું પોતાનું કલ્યાણ અવશ્ય ચૂકી જ જવાય છે. દરેક જીવ પોતાને જે સનાતન સત્ય લાગે છે તે બીજા પાસે પરાણે કરાવવા માંગે છે. જે જીવનો ઘણો જ મોટો દોષ છે એમ મને મારા અનુભવથી જણાય છે. એક રાજા, પોતાની માન્યતા પ્રમાણે ન ચાલનાર હજારો લોકોની હત્યા કરી નરકે જાય છે. જેટલો જીવનો અહમ્, અધિકારીપણું, હું પણું વધારે તેટલા જ ફોર્સથી અને જોરથી તે વસ્તુ બીજા પાસે મનાવડાવશે. આ પછી બીજાનો વિશ્વાસ ક્યાંથી મળે? વિનયી કેવી રીતે? વિવેકી કેવી રીતે? આજ્ઞાંકિત, આનંદી વિગેરે કેવી રીતે સંભવે? તે ખૂબ વિચારી અનુભવવા યોગ્ય છે.

ધર્મ શ્રદ્ધાનો વિષય જરૂર અપેક્ષાએ છે, પરંતુ અંધશ્રદ્ધાનો વિષય નથી. વિવાદ, ચર્ચા કરી કુશંકા કરવા જેવું નથી પરંતુ તેનો અર્થ આશંકા ન કરવી તેમ પણ નથી. આશંકા થયા વગર સમાધાન ન થાય, સમાધાન વગર સત્ ન જ સમજાય, અને સમજ્યા વગર આચરણ ક્યાંથી, અને તે વગર પ્રાપ્તિ પણ કેમ હોય. (વીતરાગના જ્ઞાન-દર્શન-ચારિત્ર તથા જીજ્ઞાસુ, મુમુક્ષુ સમ્યકત્વ્ આટલામાં સમાયેલા છે.)

**સત્ય અસત્યનો ભેદ જાણવાની ઈચ્છા છે.**
**પાત્ર વિના વસ્તુ ન રહે, પાત્રે આત્મિક જ્ઞાન;**
**(આત્મિક, સત્યા - સત્ય)**
**પાત્ર થવા સેવો સદા બ્રહ્મચર્ય મતિમાન.**
**મંદ વિષય ને સરળતા, સહ આજ્ઞા સુવિચાર ;**
**કરૂણા કોમળતાદિ ગુણ, પ્રથમ ભૂમિકા ધાર.**
**પ્રથમ આત્મ સિદ્ધિ થવા કરીએ જ્ઞાન વિચાર,**
**અનુભવી ગુરુને સેવીએ બુધજનનો નિર્ધાર.**
**ક્ષણે ક્ષણે જે અસ્થિરતા અને વિભાવીક મોહ તે**
**જેનામાંથી ગયા તે અનુભવી ગુરુ - જોય.**
**કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;**
**ભવે ખેદ, અંતર દયા, ત્યાં આત્માર્થ નિવાસ.**
**દશા ન એવી જ્યાં સુધી, જીવ લહે નહીં જોગ;**
**મોક્ષમાર્ગ પામે નહીં, મટે ન અંતર રોગ.**

સત્પુરુષોના વર્ણવેલા ઉપદેશ વચનો જે ઉપરમાં લખ્યા છે તે વાંચી વિચારી હૃદયમાં અવધારીએ, જેથી તે કરૂણા સાગરની કૃપા પ્રસાદી આપણને સૌને મળે.

એજ પરમ - પ્રેમે. ◆



# ભક્તિમાર્ગનું રહસ્ય

*હૃદય જ્યારે જ્ઞાનીને અર્પણ થઈ જાય છે ત્યારે ધીરે ધીરે ચેન્જ થતાં થતાં એ એમના બધા આત્મિક ગુણો ગ્રહણ કરી શકે એવો તૈયાર થઈ જાય છે. જ્ઞાનીના મન, વચન, કાયાણી જે કાંઈ ચેષ્ટા કે ક્રિયાનું ઊંડાણથી અવલોકન થાય ત્યારે શાંતિ, સૌમ્યતા, ક્ષમા, નિર્લોભતા, નમ્રતા, વીતરાગતા, પ્રેમ, કરૂણા એવા આત્માના ગુણોના આપણને દર્શન થાય. એ ગુણના દર્શન આપણને થાય એનો અર્થ એ કે આપણા આત્માના એ ગુણો આપણે ઓળખી લીધા.*

***કોઈને વિકલ્પ આવે કે જિનેશ્વરદેવ પ્રણીત પવિત્ર જૈનદર્શનમાં સમ્યક્જ્ઞાન-દર્શન-ચારિત્રને મોક્ષમાર્ગ કહ્યો છે, ત્યારે પરમ આત્મદ્રષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજીએ, ''ભક્તિ એ સર્વોપરી માર્ગ છે, મોક્ષનો એ ધુરંધર માર્ગ મને લાગ્યો છે,'' એમ જે પ્રતિપાદન કર્યું છે ત્યાં વિરોધાભાસ નથી? તેનું સમાધાન આ રીતે વિચારવાથી થઈ જશે.**

કોઈ બે વાત જુદી રીતે કહેવામાં આવે તો બધા એમ જ વિચારશું આ જુદું છે, આ જુદું છે. જ્ઞાની પાસે યથાર્થ સમ્યક્જ્ઞાન હોવાથી બોલાય છે જુદી રીતે બાકી લક્ષ એક જ છે. આવી જે અદ્ભૂત વસ્તુ છે તેને પરમ કૃપાળુ દેવ અવિરોધવાણી કહે છે. ગમે તેવા વિચાર વિરોધાભાસ એમની પાસે મૂકો એ સમન્વય ચોક્કસ કરી આપે.

***હવે આપણે જાણીએ છીએ કે ભક્તિ શબ્દમાં પ્રેમ, શ્રદ્ધા અને અર્પણતાના ભાવો અંતર્ગત રહ્યા છે.**

ભક્તિ શબ્દ જ્યારે જ્યારે વપરાય ત્યારે એનો અર્થ પ્રેમ, શ્રદ્ધા અને અર્પણતા રહે છે. પછી સવાલ એ આવે આવો પ્રેમ, આવી શ્રદ્ધા, અર્પણતા ક્યાં થવી જોઈએ? એ સત્પુરુષ કે જ્ઞાનીપુરુષ પ્રત્યે જ. જેને આપણે ગુરુ કહીએ એ સત્પુરુષ કે સદ્ગુરુ છે એમ માનવાની જરૂર નથી. એમના આત્મિક ગુણોનો આપણને ચોક્કસ અનુભવ થવો જોઈએ અને આપણા આત્માની અંદર ચેન્જીસ આવવા જોઈએ. જો ચેન્જીસ ન આવતા હોય તો કાં એ સાચા સત્પુરુષ નથી કાં આપણે સાચા શિષ્ય નથી. એ જે કહે છે એ રીતે પુરુષાર્થ કરેલો નથી. એ જે કહે છે એ પ્રકારે જો પુરુષાર્થ કરવામાં આવે તો જેમ કહ્યું છે તેમ આત્મિક ફળ ચોક્કસ મળે. જે પુરુષાર્થ કરવાનો છે એ પુરુષાર્થ વર્ષો સુધી જેનાથી ન થતો હોય અને કરી ન શકતા હોય એનું કારણ, એ લોકોને સંસાર વધારે સારો લાગે છે અને જ્યાં સુધી સંસારની ભજના છે એટલે ભક્તિ સંસારની છે ત્યાં સુધી સત્પુરુષની ભક્તિ ન હોઈ શકે અને સત્પુરુષની ભક્તિ ન હોય તો આત્મજ્ઞાન સંભવિત નથી.

**વિદ્યમાન સજીવનમૂર્તિ સત્પુરુષમાં પ્રેમ એટલે તેના દેહમાં, પૌદ્ગલિક આકૃતિમાં પ્રેમ નહીં પરંતુ દેહથી ભિન્ન છતાં દેહસ્થિત, લોકોત્તર ઐશ્વર્ય, વૈભવ અને ગુણોથી સુશોભિત, જ્યોતિસ્વરૂપ સ્વ-પર પ્રકાશક એવા આત્મા પ્રત્યે, સનાતન સત્ પ્રત્યે, સત્યસ્વરૂપ પ્રત્યે પ્રેમ અને આદર.**

વિદ્યમાન સજીવન સત્પુરુષ પ્રત્યે પ્રેમ, શ્રદ્ધા અને અર્પણતા એમ જ્યારે કહીએ ત્યારે એમના દેહની આકૃતિ કે કેવા રૂપાળા, દેખાવડા લાગે છે એના પ્રત્યે નહીં. જ્યારે આપણે એનો આશ્રય ગ્રહણ કરેલો છે ત્યારે એ નિશ્ચય કરેલો છે કે એ આત્મજ્ઞાની છે, આત્માને ઓળખે છે અને મને મારા આત્માને ઓળખવો છે. માટે મારા આત્માને ઓળખવો છે આ પહેલી વસ્તુ થઈ, ત્યાર પછી જ એમની આપણે માન્યતા કરીએ છીએ અને પછી એમના દેહ આકૃતિ વિગેરે પ્રત્યે જો ભક્તિ થાય તો કાંઈ ખોટું નથી. કારણ કે એમની દરેક ચેષ્ઠાના નિદિધ્યાસન કરવાનાં છે. તો દેહની ક્રિયા નહીં જોઈએ તો નિદિધ્યાસન ક્યાંથી કરશું? મુખમુદ્રાનું હૃદયથી અવલોકન કરશું તો દેહને જ જોશું ને. ઘણો ઘણો આત્માનો વિકાસ થયેલો છે એવો જે આત્મા એ એમના દેહમાં છે. હવે આટલી સમજણ પડી તો ડાહ્યો આત્મા શરીરમાં હોય તો એ શરીરને કેવી રીતે ઈન્સટ્રકશન આપે અને ગાંડો આત્મા શરીરમાં હોય તો એ દેહને કેવી ઈન્સટ્રકશન આપે? તો બે આત્મા દેહને જે ઈન્સટ્રકશન આપે એ તો જુદી જ હોય ને?

જ્ઞાની અને અજ્ઞાનીની જે કંઈ દૈહિક ચેષ્ટા છે અને જે અદ્ભુત રહસ્યો છે એ સહજપણે તરત જ જીવને લક્ષમાં ન આવે, પણ ઘણા દીર્ઘકાળ સુધી એમની ભક્તિ એટલે પ્રેમ, શ્રદ્ધા અને અર્પણતા ચાલ્યા કરે અને કાંઈક આગળ વધાય ત્યારે ચોક્કસ ખબર પડે કે અંદર જે છે તે કોઈ જ્ઞાની આત્મા છે અને એના કારણે દેહનું પ્રવર્તન આવું છે, આ અજ્ઞાની છે માટે કંઈ જુદા પ્રકારનું છે. આ જગ્યાએ ઘણી વખત ઉદાહરણ આપેલા છે. ત્રણ પ્લાસ્ટીકની થેલીને એક દોરી ઉપર ટાંગી દઈએ; એકની અંદર પથ્થર મૂકી દઈએ, એકમાં ઉંદરડી મૂકી દઈએ અને એકમાં છીપકલી

મૂકી દઈએ પછી જોયા કરીએ. બહારની હવા કાંઈ આવતી નથી. તો પથ્થર જેની અંદર છે એ બિલકુલ સ્થિર હશે, છીપકલી જરાક હલતી હશે અને ઉંદરડી કૂદાકૂદ કરતી હશે. તો થેલી ઉપરથી ખબર પડે અંદર શું છે. એવી રીતે દેહ ઉપરથી ખબર પડે આત્મા કેવી રીતે વિકાસ પામે તો આગળ વધાય. પછી બીજું કાંઈ ન આવડે તો જીવને કોપી કરતાં તો આવડે. એતો આમ ધીરે ધીરે ચાલે છે માટે હું ધીરે ધીરે ચાલું; લાગલગાટ તમે ધીરે ચાલવા જાવ તો રોજની ટેવ પ્રમાણે ઉતાવળે ચલાઈ જાય, વળી પાછુ લક્ષ ત્યાં જાય, નહીં ધીરે ચાલો. હવે આ ઈન્સટ્રકશન આત્મા સિવાય કોઈ ન આપે. જ્ઞાનીની જે કંઈ દેહ ચેષ્ટા છે એની સતત કોપી કરીએ તો આત્મા ઈન્સટ્રકશન આપે, આવો દેહ હશે તો અંદર આત્મા આવો થાશે. અને એમ કરતાં કરતાં જ્યારે લાગે કે કંઈક આત્મામાં ફરક પડી ગયો, અનેક જુદી જુદી રીતે આત્માનો અનુભવ કહીએ આ આત્મા ગાઈડ લાઈન આપે છે, હવે આત્માની પકડ મને ક્રમશઃ આવી છે.

**સાચું જ્ઞાન એનો અર્થ છે આત્મા વિશેનું અત્યંત સત્ય જ્ઞાન અથવા સમજણ જેનું બીજું નામ વ્યવહાર સમકિત. આવું વ્યવહાર સમકિત પ્રાપ્ત થાય તો જીવ વધારેમાં વધારે પંદરમે ભવે ચોક્કસ મોક્ષે જાય એ નિયમ છે.**

**આથી જડ અને ચેતન વચ્ચેની વહેંચણી, દેહ અને આત્મા વચ્ચેની સાચી અને યથાર્થ ખતવણી સત્પુરુષમાં પ્રેમ કરવાથી સહજ થાય છે અને તેને જ સાચું જ્ઞાન કહે છે.**

સાચું જ્ઞાન એનો અર્થ છે આત્મા વિશેનું અત્યંત સત્ય જ્ઞાન અથવા સમજણ જેનું બીજું નામ વ્યવહાર સમકિત. આવું વ્યવહાર સમકિત પ્રાપ્ત થાય તો જીવ વધારેમાં વધારે પંદરમે ભવે ચોક્કસ મોક્ષે જાય એ નિયમ છે. તો કેટલું આશ્ચર્યકારક! અનાદિકાળથી જે પ્રાપ્ત નથી થયું એવું આત્મજ્ઞાન કહીએ, જીવને ચોક્કસ ચોક્કસ આવા સત્પુરુષની પ્રાપ્તિ થાય અને પ્રેમ, શ્રદ્ધાને અર્પણતા જેમ જેમ ડેવલપ થાય એવી રીતે આત્માનો વિકાસ ચોક્કસ ખબર પડે. શાસ્ત્રમાં લખેલું છે કે રાગદ્વેષ ટાળો તો મોક્ષ મળે પણ ઉપાય કેમ કરવા? એ કોઈ જગ્યાએ બતાવેલું નથી. વાંચનમાં પણ કહેવામાં આવે તમે આ દોષ ટાળો પણ દોષ ટળે કેવી રીતે એ ક્યાંય બતાવવામાં આવતું નથી. પરમ કૃપાળુ દેવે આપણને જ્ઞાની પુરુષની ભક્તિ કહી છે. તમારા રાગ, દ્વેષ, અહંમભાવ, માનભાવ જે નથી જતાં એ ચોક્કસ જશે, પ્રોવાઈડેડ, એ જેમ કહે છે એવી રીતે સાચો પુરુષાર્થ કરવાનો પ્રયત્ન કરો.

સત્પુરુષ પ્રત્યે જ્યારે પ્રેમ કરવાનું કહે છે તો જીવે નક્કી કરેલું જ હોય કે જ્ઞાનીપુરુષ છે ને આત્માનો અનુભવ છે અને મારે આત્માનો અનુભવ કે સમકિત જોઈએ છે. આ જો નક્કી ન કરેલું હોય તો ચોક્કસ એ જીવ આત્માર્થી નથી, સંસારી કે મતાર્થી છે; ગુરુ જે કહે એ આજ્ઞા પણ માનતો હોય પણ ઉંડે ઉંડે મારો સંસાર કેવી રીતે સારો થાય, એ જો લક્ષ હોય તો કલ્યાણનું કારણ નથી. પહેલી શરત તો એ છે કે સત્પુરુષને જ્યારે મળીએ છીએ ત્યારે એ જ્ઞાનીપુરુષ છે, આત્માને ઓળખે છે, મારે આત્માને ઓળખવો છે. હવે આટલું જ્યારે થઈ જાય અને એમના પ્રત્યે અનહદ એવી પ્રેમભક્તિ ઉત્પન્ન થાય તો નાનામાં નાની એની ચીજ જોવાની મજા આવે; એના જે કાંઈ દોષો છે એ દોષો પણ જોવાય, મહિનાઓ સુધી કદાચ વર્ષ સુધી આ વિચાર ચાલ્યા કરે, જ્ઞાની આમ કેમ વર્તે છે, આમ કેમ વર્તે છે. તો છ બાર મહિને જવાબ મળે કે જ્ઞાની તો આમ જ વર્તે ને? કર્મોનો ક્ષય આમ જ થાય છે. હવે આવી જ્યારે સમજણ આવે છે ત્યારે આ દેહની ક્રિયા છે, અંતરંગમાં આત્માની ક્રિયા છે, દેહ અને આત્મા જ્ઞાનીપુરુષના જુદા છે. એવી રીતે અનાદિકાળથી જે ભેદજ્ઞાન જીવને થયું

નથી, ગ્રંથિભેદ જે થયું નથી એ ગ્રંથિભેદ કહો, આત્મજ્ઞાન કહો, આ ચેતન છે, આ જડ છે એવી સમજણ ત્યાંથી શરૂ થાય છે અને જ્યાં સુધી આવો અદ્‌ભુત એના પ્રત્યે પ્રેમ ન હોય તો પછી એની દેહની ક્રિયામાં વિકલ્પ જ આવે. જ્યારે એના પ્રત્યે ભક્તિ થાય ત્યારે આ વિકલ્પનો અંત કેવી રીતે આવે એવો જીવથી પુરુષાર્થ થાય છે અને એવો જે પુરુષાર્થ છે એ ગ્રંથિભેદનો પુરુષાર્થ છે. આ દેહથી ભિન્ન ા અંદર આત્મા છે અને એ આત્મા કેવી રીતે પ્રવર્તે છે અને એના કારણે દેહની ક્રિયામાં શું ફેરફાર છે? હવે ગમે તેટલા શાસ્ત્ર વાંચી લ્યો તો ભેદજ્ઞાનનો સાધારણ અર્થ પણ જીવને ખબર નથી.

સત્પુરુષ પ્રત્યે જ્યારે પ્રેમ કહીએ છીએ ત્યારે આ એક અદ્‌ભુત વસ્તુ બને છે. દેહ અને આત્મા ભિન્ન છે, હું આત્મા છું, દેહ એ મારા કોઈ પૂર્વે કરેલા કર્મના ફળરૂપે છે, આ દેહથી કરેલા કર્મો મારે ભોગવવાના છે. આત્માને કર્મો ભોગવવા માટે કંઈક સાધન જોઈએ, તો કર્મ ભોગવવાનું મોટામાં મોટું સાધન આ દેહ છે. દેહ છે ત્યાં સુધી આ કર્મ છે, કર્મ છે ત્યાં સુધી આ દેહ છે. આવી જ્યારે સમજણ આવે તો પછી જેમ જેમ કર્મ ઓછા થાય તો દેહની, મન, વચન, કાયાના યોગની ક્રિયા સહજ રીતે ઓછી થતાં થતાં અને છેલ્લે શૈલેષીકરણથી અંત આવી જાય છે. પંદરભવ એ માટે કહ્યા છે કે, અનાદિકાળના જે કર્મો છે એ એક સાથે ઉદયમાં આવી ન શકે, કર્મો કાપતા બહુ તો વધારેમાં વધારે પંદરભવ લાગે અને સ્પીડ સારી હોય તો ત્રણ, ચાર ભવ.

**''એમ જાણે સદ્‌ગુરુ ઉપદેશથી રે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ''** ખાસ જ્ઞાન એટલે સમ્યક્‌જ્ઞાન.

**વળી સત્પુરુષ ઉપદેશ વચનથી તે જ વાત જણાવે છે ત્યારે તે સત્યજ્ઞાનની દ્રઢતા થાય છે. આને વ્યવહારથી સમ્યક્‌જ્ઞાન કહ્યું છે.**

પૂર્વભવમાં ક્યારેય ન જાણેલા હોય એવા જુદા જુદા અનુભવ જીવને વારંવાર થાય છે. પછી પૂછે છે અમારી ભ્રાંતિ છે કે સાચું છે? મને ખબર પડતી નથી, મને સપનામાં આવો અનુભવ થયો, મને જાગૃત અવસ્થામાં આવો અનુભવ થયો, આ કાંઈક જુદી જાતનો પહેલીવાર મને વિચાર આવ્યો; ગુરુ મ્હોર મારે છે ત્યારે સમ્યક્‌જ્ઞાનની જીવને દ્રઢતા થાય છે. એ રીતે આખો માર્ગ હસતાં રમતાં અને સંસારના ગમે તેવા કર્મો કાપતાં કાપતાં જીવથી આગળ વધાય છે. સંસારના ગમે તેવા કાર્યો કરો, ગમે તેવું કર્મ ઉદયમાં હોય તો ગભરાયા વગર એનું કેન્સેલેશન કરો. જલ્દી મોક્ષ લેવા માટે કર્મથી ભાગીને દીક્ષા લીધેલી હોય અને કર્મો બાકી રાખ્યા હોય તો કેટલાં ભવ સુધી રખડવું પડે છે. પછી ખબર પડે આ કર્મ ભોગવી લઈએ તો છૂટી જવાશે અને આજે તમે કર્મ ભોગવો તો કહેશે ચારિત્ર ક્યાં છે? સમ્યક્‌જ્ઞાન નથી એટલે ચારિત્રની ખબર નથી પડતી.

**જ્ઞાની પ્રત્યે પ્રેમ કરતાં કરતાં એમના આત્માના ગુણો ઓળખાય એ સમ્યક્‌જ્ઞાન કહેવાય; એમના પ્રત્યે મારી ભક્તિ બહુજ સાચી છે, આવો જે ભાવ છે, એનું બીજું નામ તો શ્રદ્ધા છે. ગુરુના વિશે જેટલી ઊંડી શ્રદ્ધા તે આત્માનું દર્શન તેનું નામ સમ્યકદર્શન થયું.**

આત્મજ્ઞાનની સાચી સમજણ અને સાચો પુરુષાર્થ થાય તો સત્‌ એવું પુણ્ય ભેગું થાય છે. અત્યાર સુધીનું જે પુણ્ય છે એ સંસાર વધારે સારોને સારો કરાવી આપે અને જ્ઞાનીના આશ્રય પછી જે પુણ્ય મળે એનાથી આત્મા વધારે સારો થાય. સત્‌ધર્મની આરાધના થાય તો સંસાર ચોક્કસ ચોક્કસ વધારે ને વધારે સારો થાય અને સંસાર જેમ જેમ સારો થતો જાય એવી રીતે સમજ પડતી જાય કે ધર્મથી સંસાર સારો થાય છે, માટે ધર્મ પહેલાં કરવા જેવો છે પછી સંસારનું

ઈમ્પોર્ટન્સ પોતાની મેળે ઘટતું જાય છે. આત્માના અદ્‌ભુત એવા વૈભવો, આત્માની અનંત શક્તિ, જે કાંઈ રિદ્ધિ - સિદ્ધિ પ્રગટ થાય ત્યારે લાગે છે આખી જિંદગી કૂચે મરવા કરતાં આ આત્મા લઈ લીધો હોત તો ?

**સત્પુરુષના સ્વરૂપ અને વચનોમાં વિશ્વાસ તે શ્રદ્ધા; આ "સાચા પુરુષ છે, સાચા મોક્ષમાર્ગના ઉપદેષ્ટા છે, જેમ તે કહે છે તેમજ મોક્ષમાર્ગ છે... તેમ જ મોક્ષમાર્ગ હોય..." તેવી આત્મામાં પ્રતીતિ થતાં તેને વ્યવહાર સમ્યક્‌દર્શન કહે છે.**

વ્યવહાર સમ્યક્‌દર્શન અથવા પહેલું સમકિત એ આત્માનો અનુભવ નહીં પણ મોક્ષના માર્ગની યથાર્થ સમ્યક્ સમજણ છે. હવે એકવાર સમ્યક્ સમજણ આવી તો જીવ જે સાચી સમજણ છે એમજ કરશે ને ? વ્યવહાર સમકિતનો અર્થ છે આત્માના જે કાંઈ ગુણો છે એ બધા ગુણોની યથાર્થ સમજણ અને એ ગુણોનો ઈનડાઈરેક્ટ અનુભવ.

મારા સદ્‌ગુરુમાં આવા આત્માના બધા ગુણો છે આટલું સમ્યક્‌જ્ઞાન જો હોય તો એ વ્યવહાર સમકિત ચોક્કસ છે. તો જ્ઞાનનો અર્થ આત્મા વિશેનું જ્ઞાન છે, દર્શનનો અર્થ કેટલો વિશ્વાસ આપણા જ્ઞાન પર છે. જે આપણે જાણીએ છીએ એનો જેટલો બળવાન વિશ્વાસ છે, હું જાણું છું એ હવે સો ટકા સાચું છે, સદ્‌ગુરુએ પણ કનફર્મ કરેલું છે, સાચું છે અને એટલી જ્યારે ખાતરી થઈ જાય તો વર્તન એમ જ થાય. એનું નામ તો ચારિત્ર છે. તો પછી સત્પુરુષના પ્રત્યે અનહદ એવો પ્રેમ એટલે સત્પુરુષના આત્માના વિશે જાણકારી એજ જ્ઞાન છે અને સમ્યકજ્ઞાનનો અર્થ આત્માની સાચી સમજણ તો છે. તો પ્રેમ શબ્દની અંદર જ્ઞાન શબ્દ નથી સમાતો ? જેમ જેમ સત્પુરુષના ઊંડા પરિચયમાં આવીએ છીએ તો એમના આત્મા વિશે વિશેષ, વિશેષ જાણીએ છીએ. એમ કહીએ કે અરિહંત, તીર્થંકરના આત્માના જે ગુણો છે એના મોટા ભાગના આંશિક ગુણો સત્પુરુષમાં પ્રગટ થયેલા છે, તો આત્મા વિશેનું તો જ્ઞાન થયું ને.

આ આત્માના ગુણો મારા સદ્‌ગુરુમાં છે એ જાણીએ તો એવા ગુણો જીવમાં પ્રગટ થાય ત્યારે એને તો ખબર પડે ને ? જ્ઞાની પ્રત્યે પ્રેમ કરતાં કરતાં એમના આત્માના ગુણો ઓળખાય એ સમ્યક્‌જ્ઞાન કહેવાય; એમના પ્રત્યે મારી ભક્તિ બહુજ સાચી છે, આવો જે ભાવ છે, એનું બીજું નામ તો શ્રદ્ધા છે. ગુરુના વિશે જેટલી ઊંડી શ્રદ્ધા તે આત્માનું દર્શન તેનું નામ સમ્યકદર્શન થયું. અને આ બન્ને જ્યારે થાય ત્યારે ગુરુ જે કહે છે સો ટકા સાચું, સાચું ને સાચું. એક બે પાંચ પંદર વર્ષ સુધી ગુરુની આજ્ઞા પાળતાં, પાળતાં આત્માના અદ્‌ભુત એવા રહસ્યો ખૂલતા જાય, અનુભવથી જણાતા જાય પછી એક વિચાર આવે કે ઘણા વિચાર આટલાં વર્ષો સુધી કર્યા, હવે ખબર પડી કંઈ ન વિચારીએ અને ગુરુની આજ્ઞાએ વર્ત્યા કરીએ તો સીધા મોક્ષે પહોંચી જવાય. એટલે કે બુદ્ધિ પણ અપાઈ ગઈ, હૃદય પણ અપાઈ ગયું અને છેલ્લે કોઈ ઈચ્છા માત્ર નથી. એક સત્પુરુષની આજ્ઞાનું આરાધન એના સિવાય આખી દુનિયામાં કોઈ ચીજમાં રસ નથી તો આને અર્પણતા જ કહેવાય ને ? અને એવી અર્પણતા થાય પછી તો આત્મા કાંઈ ન કરે; આત્મા કાંઈ ન કરે તો ચારિત્ર કહેવાય ને. અદ્‌ભુત એવી અર્પણતા થાય તો આત્માનું ચારિત્ર આવી ગયું.

ભક્તિથી મોક્ષમાર્ગ અત્યંત સહેલો કૃપાળુદેવને લાગ્યો છે, મને એવું જ લાગ્યા કરે છે.

* ભક્તિમાર્ગનું રહસ્ય .... લેખક : શ્રી ભોગીલાલ ગીરધરલાલ શેઠ

**નોંધ :** પૂજ્યશ્રીના 'ભક્તિમાર્ગનું રહસ્ય'ના વિવેચનોનું આ સંક્ષિપ્ત સ્વરૂપ અનન્ય પરિવર્તનના તંત્રી વિભાગ દ્વારા આવરવામાં આવ્યું છે.

# स्वच्छंद

*जिसे कुछ योग्यता प्राप्त हुई है, ऐसे जीव को तो पहले अपने सारे अभिप्राय, सारे निणर्य को गलत मानना चाहिए और ज्ञानी पुरुष के सर्व अभिप्राय, निर्णय, हर समय सर्व प्रदेशसे सम्मत एवं प्रमाणभूत मानना चाहिए।*

*हमें सोचना यह है कि क्रिया करते समय अंतरंग में क्या भाव करते है कि जो बंधन का कारण नहीं है? पुरानी जो मान्यताऐं हैं वह किस तरह ध्वंस हो यह महत्वपूर्ण है। अनंतबार दीक्षा लेकर अनेकानेक पदार्थों का त्याग किया है, फिर भी इस जीव ने उन पदार्थों के प्रति का अभिप्राय, निर्णय, अहंभाव, ममत्व भाव... को अखंड रुप से आज तक रहने दिया है। तभी तो परिभ्रमण और परिभ्रमण के कारण आज भी प्रत्यक्ष खडे है।*

परिभ्रमण के कारण अभी भी प्रत्यक्ष रहें हुए हैं। इस बात का सबूत यही है कि, अभी भी स्वयं की अल्प समझ और विपर्यास बुद्धि से निश्चित किये अभिप्रायों के प्रति इतना ज्यादा ममत्व है कि अपने अभिप्राय से विपरीत किसी भी बात के लिये जीव सुनने को भी तैयार नहीं है। अभिप्रायों का ज्वार-भाटा हम अपने में स्वच्छंदता से आने देते हैं। बुद्धि थोड़ी संभली है, वह खोटे सिक्के के जैसी है और ज्ञानी को या केवली प्रभु की तुलना में बहुत कम सम हुई है। फिर भी हमें अपने निर्णय और अभिप्राय सबसे अधिक प्रमाणभूत लगते हैं। मोक्ष मार्ग के अभिप्रायों में घात करनेवाले पहाड़ जैसे हमारे अभिप्राय ही हमें अटकाते हैं और संसार में भटकाते हैं।

आज बहुत से बुद्धिशाली लोग हैं, जो इतनी ज्यादा दलील करते हैं और कुछ भी सुनने को तैयार नहीं होते। उनमें कोई सांइटीस्ट है, कोई डॉक्टर है। उनसे बातचीत होती है तो कहते हैं - आत्मा का सबूत (प्रुफ) दो, आत्मा दिखाओ तो हम मानेंगे। इसी तरह परमार्थ में दूसरे के मंतव्य को महत्व न देना, दुसरे के अंतर आशय को नहीं समझना, समझने का प्रयत्न भी नहीं करना और अपनी ही मान्यता की पुष्टि करते रहना उसका नाम 'स्वच्छंद' है। यहाँ संसारी जीवों के मंतव्य की बात नहीं है, बल्कि परम ज्ञानी, आत्म प्राप्त, मोक्ष मार्ग के नेतारुप परम सद्गुरु के अंतर में रहे आशय को समझना है।

संसार में अनंतकाल से हम रह रहे हैं और संसार भुगत रहे हैं, तो संभव है कि अन्य संसारियों के कुछ अभिप्रायों के साथ हमारा मेल हो, क्योंकि वो भी संसारी हैं। उन्होंने जैसे संसार

के कर्म बाँधे हैं, वैसे ही हमने भी बाँधे हैं। उनके जो अभिप्राय है वही या वैसा ही मेरा भी अभिप्राय हो सकता है। पर यहाँ अध्यात्म की बात है और यहाँ तो परम ज्ञानी ऐसे सत्पुरुष समक्ष अपनी बात की पुष्टि करते रहना वह स्वच्छंद है।

**परमार्थ में दूसरे के मंतव्य को महत्व न देना, दुसरे के अंतर आशय को नहीं समझना, समझने का प्रयत्न भी नहीं करना और अपनी ही मान्यता की पुष्टि करते रहना उसका नाम 'स्वच्छंद' है।**

बहुत गंभीरता से ज्ञानी पुरुष के अंतर आशय को समझना या समझने का प्रयत्न करना वह स्वच्छंद निरोध है और स्वच्छंद टालने का यह एक ही उपाय है। संसार की बातों का अनेक भवों से जीव को अनुभव है, इसलिये संसारी का मंतव्य या आशय शायद समझ आये ये संभव है। बहुत से लोगों के साथ अभिप्राय के मिलने की संभावना है, दो संसारी जीवों का एक ही अभिप्राय हो सकता है, परंतु ऐसा पदार्थ जो अद्रश्य है, पूर्व के किसी भी भव में जिस पदार्थ को जाना नहीं है, देखा नहीं है, अनुभव किया नहीं है, और तो और उस परम द्रव्य के बारे में कभी भी समझ या प्रतीति आये ऐसी सच्ची वाणी भी जानी नहीं है; उस पदार्थ के होने पर भी निःशंकता नहीं है, उसकी नित्यता के विषय में निःशंकता नहीं है, उस पदार्थ के मंतव्य में ज्ञानी के अभिप्राय, आशय से मेल होना लगभग असंभव जैसा है।

अब जब हम ज्ञानी की बात कहते हैं, तो वह बात आत्मा के विषय में ही होती है। यह वह पदार्थ है जो अद्रश्य है और इसलिये पूर्व के किसी भव में कभी उसका दर्शन हुआ हो यह संभव नहीं है। अनादि काल से भटक रहें हैं तो सब मिथ्यात्वी अथवा भ्रांतिवाली भूल से भरी हुई आत्माओं के बीच ही हम हैं। तो शुद्ध आत्मा के बारे में किसी भव में कभी भी कीसी से सुना हो यह हो नहीं सकता। **'मैं आत्मा हुँ'** ऐसा द्रढ निश्चय भी नहीं हो सकता। तो फिर सबसे अलग ऐसी बात जब ज्ञानी कहते हैं तो अंदर से यही जवाब आता है - इतने भवों से जो जाना वो सब गलत और आज ये जो ज्ञानी कहतें हैं वह सच माने भी कैसे? किस तरह अपनी मान्यता छोड़ें?

इस तरह जब ज्ञानी की बात आती है तब अपना मंतव्य कहें या अभिप्राय कहें उसे छोड़ना अत्यंत - अत्यंत कठिन हो जाता है और 'आत्मा है', 'नित्य है' यह शंका रहती है। संक्षेप में कहें तो आत्मा के छःपद के विषय में पूरी - पूरी शंका रहती है और आत्मा के जैसा कुछ है ही नहीं ऐसा बलवानपने चलता है। इस तरह अनंतकाल से हम भटक रहें हैं उसका सबसे बड़ा कारण या सबसे बड़ी भूल यही है। ज्ञानी के वचन संसारी के वचन से एकदम विपरीत होते हैं, अनेक भवों से जो कुछ जाना है, उससे बिलकुल अलग होते हैं। इसलिये हम अपने अभिप्राय नहीं छोड़ सकते क्योंकि उस पर प्रेम और लगाव बहुत है। इस भव में कुछ सुने और हमारे अभिप्राय सहजता से हमसे छुप जाये ऐसा संभव है? नहीं ही। इसलिये बार बार गहराई से, गंभीरता से सिर्फ इतना ही विचार करें कि, 'पूर्व भवों में अनेक क्रियायें कर चूके है पर अभी भी भटक रहे हैं। इसका मतलब है आज तक जो जाना है वह भूल से भरा था। एक स्वच्छंद टालने से यह भूल मिट सकती है, सुधर सकती है।' शब्दों से केवलज्ञान और सिद्धालय तक की बात हमने जरूर की होंगी परंतु उसकी प्राप्ति के लिये यथार्थ या सच्चा ऐसा उपाय कभी भी किया हो यह लगता नहीं।

अपने अंतर से ही पूछिये कि मोक्ष की, केवल ज्ञान की, सिद्ध भगवान की बात कितनी बार की है और फिर उसे प्राप्त करने का पुरुषार्थ कितनी बार किया है? पुरुषार्थ किया हुआ है, पर परिणाम नहीं आया, मतलब पुरुषार्थ में कुछ कमी है, ऐसा विचार कितनी बार आया है? पूरा धर्म वैज्ञानिक है और प्रयोगों पर निर्भर है। दूसरी भाषा में कहे तो सच्चा विवेक पूर्वक का पुरुषार्थ, वांचन, चिंतन करें तो यह वस्तु निश्चित समझ में आये ऐसी है। पर हम सुनते हैं और उसके बाद का होमवर्क बिलकुल नहीं करते तो कहाँ से प्राप्त होगा? इस तरह यथार्थ पुरुषार्थ कभी किया नहीं ऐसा जान पड़ता है। नहीं तो हमारी ऐसी दशा होती ही नहीं।

जीव को जब तक आत्मा के अचिंत्य वैभव पर शंका होगी तब तक उसे प्राप्त करने का विचार भी कैसे आयेगा? किसी बिलायोनर या अरबपति के पास मिलीयन डॉलर या अरबो रूपये हैं पर यह तो बहुत ज्यादा पुरुषार्थ करने के बाद लाखो में से दो चार के पास आना संभवित है। पर आत्मा की अगर सचमुच प्राप्ति हो जाये तो सिर्फ इच्छा मात्र से यह सब मिलके रहता है। पर ऐसी बात मानने में नहीं ही आती और अरबो रूपयो का आकर्षण रहा ही करता है। मतलब आत्मा के वैभव की जब बात करें तो अचिंत्य ऐसा महात्म्य आत्मा का है। दूसरी ओर अगर कुछ चाहिये तो पहले चिंतन करना पड़ता है कि मुझे यह चाहिये, फिर किस तरह प्राप्त होगा उसका पुरुषार्थ चलता है, प्लानिंग चलती है। पर आत्मा के लिए तो कुछ करना नहीं है। यदि आत्मा प्राप्त हो जाये तो फिर चिंतवन भी करने का नहीं रहता की मुझे यह चाहिये। जो आपको जब चाहिये वह सहजता से अपने आप मिल जाता है।

यह सब मानने में नहीं आता हो कोई बात नहीं। देवलोक के बारे में विचार करें। बारह देवलोक कहें जिसमें नव ग्रेवेयक और उसके बाद सर्वाथ सिद्ध देवलोक है। नौ ग्रेवेयक में देवों की हाइट (लंबाई) आदि डेढ़ - दो फूट होती है, छः महिने में भूख लगती है और भूख लगने पर मात्र विचार करते हैं कि भूख लगी है और तुरंत पेट भर जाता है। अभी इच्छा की, नहीं की मात्र एक भाव आया कि यह चाहिये और सहजपने पदार्थ हाजिर हो गया। वहाँ किसी को नौकरी या बिजनेस करने की जरूरत नहीं होती। देवलोक में, मनुष्य भव में अघाती कर्म के द्वारा, देह के कारण, जो पुण्य एकत्रित किया है, उसके फलस्वरूप अरबों रुपयों से भी ज्यादा संपत्ति, हीरा, मोती, माणेक से बने विभिन्न गहने, घर, सामान आदि एक आत्मा का सच्चा पुण्य इकट्ठा हुआ तो सब हाजीर हो जाता है। पर ऐसा नहीं सोच सकते की पूर्व किये गये पापों का फल मुझे भोगना नहीं पड़े। पूर्व के अनेक भवों में जो पाप किये हैं और जो सत्ता में पड़े हैं, उन कर्मो का उदय आये तब उस पाप का फल भोगना ही पड़ता है, पर आत्मा की जो सिद्धि है, उसका भी फल आगे पीछे मिलेगा ही, फिर पापकर्म नहीं रहेगा।

**बहुत गंभीरता से ज्ञानी पुरुष के अंतर आशय को समझना या समझने का प्रयत्न करना वह स्वच्छंद निरोध है और स्वच्छंद टालने का यह एक ही उपाय है।**

आत्मा के वैभव का जब तक विश्वास ना आये तब तक उसे प्राप्त करने की इच्छा भी कैसे हो? और इसलिये धर्म को आज तक गंभीरता से कभी लिया नहीं और भटक रहें हैं। आत्मा के वैभव का विचार करें और मनुष्य भव कितना दुर्लभ है यह जब नित्य निगोद और निगोद

के जीवों के बारे में जरा गहराई से पढ़कर समझे, तब आश्चर्य होगा। अनंता जीव है, एक जीव आहार ले तो अनंता जीव एक साथ आहार लेते है, एक श्वास ले तो सब एक साथ श्वास लेते हैं। एक देह छोड़े तो सब देह छोड़ते है। वो जीव कैसे हैं? इस पर विचार करें तो अनंतकाल निगोद से बाहर नहीं निकल सकते। अब सोचिये यह मनुष्य भव जो मिला है वह मिस हो जाय तो? फिर अगर निगोद में (नित्य निगोद नहीं, बादर निगोद में) जाना पड़े तो? अनंता अनंत काल बीत जाये तब तक बादर निगोद से हमारा जीव बाहर नहीं निकल सकेगा।

नव तत्व में जीव - अजीव की बात करें तो जीव के कितने कितने प्रकार है? और कैसे कैसे भयंकर दुःख सहन करता है तब जाकर एक मनुष्य भव प्राप्त होता है। वह भी अनंतबार बेकार जाने ही वाला है। सत् धर्म इतना सरल तो नहीं है लेकिन बहुत पुण्य के कारण आज यह मनुष्य देह और परम कृपालु देव का आत्मधर्म मिला है। और अगर यह भव बेकार गया तो फिर पता नहीं कब फिर ऐसा संयोग मिले। घबराकर ऐसी चिंता करने के बदले सिर्फ यह भाव करने हैं कि, ''मेरा यह मनुष्य भव सफल होना ही चाहिये।'' ऐसा बलवान भाव होगा तो वह कर्मरुप से आत्मा पर लगेगा ही। फिर एक दो भव के बाद जब यह कर्म उदय में आयेगा, तब फिर यही भाव चलेगा और आराधना न करनी हो तो भी कर्म के फल रुप में भोगनी पड़ेगी अर्थात् आत्म धर्म की आराधना करनी पड़ेगी। तब पुनः यह कर्म बलवान रुप से लगेगा। उस भव में हुआ उससे भी ज्यादा बलवान रुप से उदय में आयेगा तो उसका जोर बढ़ता जायेगा।

**एक भव में आत्म तत्व की यथार्थ समझ, ''मैं देह से भिन्न आत्मा हुँ'' ऐसा दृढ़ विश्वास हो जाये तो यह कर्म रुप से साथ में रहेगा। और घुमते घुमते दो - पाँच या पन्द्रह भव में निश्चित मोक्ष का कारण होगा।**

कहने का आशय है कि - एक भव में आत्म तत्व की यथार्थ समझ, **'मैं देह से भिन्न आत्मा हुँ'** ऐसा दृढ़ विश्वास हो जाये तो यह कर्म रुप से साथ में रहेगा। और घुमते घुमते दो - पाँच या पन्द्रह भव में निश्चित मोक्ष का कारण होगा। यहाँ कुछ छोड़ देना है, ऐसा कहना नहीं चाहते, पर जो पकड़ रखना है, उसे अच्छी तरह पकड़ कर रखना और न छोड़ना हो तो उसे भी दूसरी तरह से पकड़ कर रखना।

जीव जब तक आत्मा के अचिंत्य वैभव के विषय में शंकाशील होगा, तब तक उसकी प्राप्ति के लिए विचार भी कैसे आयेगा? उसकी प्राप्ति से होनेवाले लाभ का जीव को अगर लक्ष्य ही ना हो अर्थात् आत्म धर्म, आत्मज्ञान, जीवन मुक्त दशा जीव के कितने बड़े लाभ व कल्याण का कारण है, यह जब तक अंतर में गहराई से ना समझ में आये तब तक उसे बाधक ऐसी अपनी भवो - भव की मान्यता को जीव कैसे छोड़ सकता है? मतलब स्वच्छंद कैसे छोड़ा जा सकता है? अर्थात् स्वच्छंद छुटता नहीं और यही मिथ्यात्व है, यही अज्ञान है, यही माया है। ◆

**ॐ शांतिः शांतिः शांतिः**

---

**नोंधः** पूज्यश्री के 'स्वच्छंद' के विवेचन का यह संक्षिप्त स्वरूप अनन्य परिवर्तन के संपादक विभाग द्वारा लिखा गया है।

## SHRIMAD RAJCHANDRA VACHANAAMRUT

# Patrank 54

**Vavania, Falgun Sood 9, Ravi, 1945**

***Salutations to the Pure Souls !***

***Path to Moksh is not dual. All the Souls who have achieved Moksh in past, in the form of ultimate peace, have all achieved through one path only, presently too are achieving by that path only and in future too, shall achieve by that path only. There are no disagreements in that path, no unscrupulousness, no intoxication, no unity and diversity, no agreeable – non agreeable. It is uncomplicated, it is Samadhi leading, it is unwavering and is naturally peaceful. At all times, it exists and without deciphering which, none has attained moksh in past, no one does in present and none will, in future.***

Today, every faith claims that by adopting it one attains liberation. Not speaking about the different creeds, each divergent path among Jains claim to be the only one– for *moksh*. Shwetambers, Digambers, Deravasis etc. All believe "we are superior to the others and that we have corrected the mistakes of others and ours only is the right path."

When there is divergence, it clearly implies that those separating into a new group, believe the original group to be wrong in certain aspect and therefore, to be discarded. Not stopping at that, each group pronounces the other to be practising falsehood.

So many paths, so many 'right paths'

when Param Krupalu Dev says "Path to *moksh* is not dual !

"What is *Moksh*?" Is it a name of a place? Param Krupalu Dev changes the perception of *moksh* by saying, "All the Souls who have achieved *Moksh* in past, in the form of ultimate peace," .... Therefore, an experience of supreme peace by *Aatma* can be called moksh. If a being continues to ceaselessly experience supreme peace, tranquility he can be said to have attained moksh, in spite of being with the body, which in due course will get left behind and completely liberated Aatma then progressing to it's final destination – *Siddhalaya*. No new body can thereafter be incurred.

**Thus, *moksh* is not a name of a place but is a state of *Aatma* – where ultimate peace is experienced, where not even an iota of disharmony can arise; peace which is everlasting with hindrance-free happiness and tranquility is the state of a *Kevali* or *Arihant*.**

No matter where or in which family or with what kind of body, a person is born with, since *Aatma* is ever present, prospects to endeavour for own well-being are ever present too. Just as a change of clothes has no impact on personality, in the same way no matter what faith or belief one observes, it cannot become a hindrance for *Aatma*.

***Aatma* should attain the desired state. The understanding that Aatma can become *Parmatma* has to be very clear.**

In the entire World, there are various faiths, beliefs and creeds. If all appropriately understand, the substance for all would be *"Aatma* should become *Paramatma".* *Paramatma* is like this and I have to become like that, is the elementary understanding. Intellectually knowing the *Ishwar* element, understanding ourselves as being the same element and purifying that element is the only path for *moksh*. I have *Aatma* and everything done with the aim to make it *Paramatma*, is the only path for *moksh*. Thus, there is no difference in opinion.

The Path can never cause *unmattata* (intoxication) because immediate cause of *unmattata* is *ahambhaav* (egotism) which would lead to *maanbhaav* (self-pride), in turn causing downfall.

The Path is not complex or very secretive so as not to be apparent to anyone.

*Aadhi* (anxiety) nor *vyaadhi* (bodily

ailments) nor *upaadhi* (worldly problems) can affect your *Samaadhi* (tranquillity), such is this path. Restlessness, uneasiness or unsteadiness is simply not caused.

Treading upon the Path automatically makes a being *sthir* (resolute), *maun* (silent), such is this Path of ultimate peace.

At all times, at all places, this Path is available to all. Till the crux or significance of the Path is understood, *paribhraman* (worldly wandering) remains and will continue to remain. All the *Tirthankaras* could attain *moksh*, only after understanding the crux.

**The crux is without pursuing an *Aatma-praptpurush* (self realized person), *moksh* never was, is not and can never be attained. *Aatma-praptpurush* is the only powerful means to attain the Path.**

**Shree Jin has prescribed thousands of practices and has delivered thousands of preaching, all for this path only and these practices and preaching serve their purpose only if these are adopted to attain the Path and forsaking the Path if adopted, these are futile.**

Shree Jin has prescribed multiple practices and preaching. *Aatma* has to be fully liberated from *karm*, thus becoming *Paramatma*. With this aim or goal only, the prescribed practices are successful. **It is important to understand *Aatma* in right *perspective and thereafter, the practices and preaching should be adopted towards* well-being of *Aatma*. Ignoring *Aatma*, no matter what the act is – even worshipping Mahavir, can only result in *paribhraman* for infinite times.**

A very common occurrence is observed when someone disdainfully or hatefully declares that I would like to get rid of this *karm*. Although the resolve is to rid *Aatma* of *karm*, the spite towards the *karm* or rather the primary cause of the *karm* is quite apparent in this case. The spite causes *Aatma* to be entangled in an even bigger *karm*. Thus *Aatma* (or overall well-being) seems to have been forgotten in this instance. ◆

***...(to be continued)***

**Aum Shanti: Shanti: Shanti**

---

**Note:** This translated and edited version of Pujya Prem Acharayji's Discourse is done by the Editorial Team of Ananya Parivartan



**Q શ્રી કૃષ્ણ ભગવાન આત્મજ્ઞાની પુરુષ હતા ?**

શ્રી કૃષ્ણ ભગવાનમાં જવાબ આવી જાય છે. ભગવાન આત્મજ્ઞાની હોય જ એટલે શ્રી કૃષ્ણ ચોક્કસ આત્મજ્ઞાની હતા. આત્મજ્ઞાન અને કર્મના ઉદય એ બન્નેના કારણે ભયંકર ગેરસમજણ થઈ જીવને ભ્રાંતિનું કારણ રહે છે. આજે પણ જે લોકોની આત્માની અદ્‌ભુત દશા હોય અને કર્મ કાંઈક સાવ જુદા પ્રકારના હોય એટલે કર્મને ક્ષય કરવા માટે જે જાતનું કર્મ હાજર થાય એ કર્મથી ભાગ્યા વિના એની સાથે કાંઈક કરે અને જોનારને લાગે આ આવા કર્મ કરે છે. જ્ઞાની આવા હોય જ ક્યાંથી ? બીજી બાજુ એમની જે અંતરંગ દશા છે, ક્યારેક ક્યારેક ઝળકે અને કો'કના જોવામાં આવે ત્યારે ખબર પડે કે કેવી અદ્‌ભૂત દશા છે. જ્યારે મહાભારતનું યુદ્ધ ચાલતું હતું ત્યારે હજારોની સંખ્યામાં કૌરવોનું લશ્કર ઊભું છે, બીજી બાજુ પાંડવો ઊભા છે. વચ્ચેના રથની અંદર શ્રી કૃષ્ણ અને પાર્થ, ગુરુ અને શિષ્ય છે. એ વખતે બધા શસ્ત્ર લઈને ઊભા છે. કઈ સેકેન્ડે શંખ વાગે એટલે તીરો છોડવાનું શરૂ કરીએ એટલી બધી શક્તિથી ધમધમતા હતા, લોહી ઉકળતું હતું. રણશીંગું ફુંકાય એ મિનિટે બધા તૂટી પડવાના હતા એટલી તૈયારી હતી ત્યારે શ્રી કૃષ્ણ કેવા પ્રકારે ગીતાનો બોધ આપે છે. એ વખતે એમની દશા કેવી હશે ? જરા વિચાર કરો. આપણે તો ઘરની અંદર એક નાનું કર્મ; મા, પત્ની કે સાસુ જરાક ઉંચા અવાજે બોલે અને આપણી શું સ્થિતિ થાય ! શ્રી કૃષ્ણ મહાયોગી કહેવાતા હતા એટલે મન, વચન, કાયાની ઉપર અદ્‌ભુત એવો સંયમ હતો, જે આ જગ્યાએ જોવામાં આવે છે. એ વખતના બોધને નજરમાં રાખીએ તો સમજાય છે કે પાર્થની મૂંઝવણ છે કે હું આ ન કરી શકું, મારા હાથ નહીં ઉપડે ત્યારે કેટલી અદ્‌ભુત રીતે આ બધા ત્રિકાળી સિદ્ધાંત, કર્મબંધન કે જન્મમરણ, આત્માનું અમરપણું વિગેરે અનેક વાતો શ્રી કૃષ્ણ સમજાવે છે ત્યારે ખબર પડે કે શ્રી કૃષ્ણનું યોગીપણું શું હતું, આત્મજ્ઞાન શું હતું, સ્થિતપ્રજ્ઞતા શું હતી.

મહાભારતના આ યુદ્ધને ટાળવાનો પાર વગરનો એમણે પુરુષાર્થ કર્યો હતો. છેલ્લે છેલ્લે પોતે રાજા હોવા છતાં એક નાના એવા દૂત બની દૂર્યોધન પાસે જાય છે અને વિનંતી કરે છે કે ગમે તે રીતે યુદ્ધ ટાળો. હું અત્યારે રાજા થઈને નથી આવ્યો, આ પાંડવોનો દૂત, દાસ થઈને આવેલો છું, તમે યુદ્ધ ટાળો. એ વખતની એમની

નમ્રતા જુઓ, એમનો વિનય જુઓ, એમની દશા જુઓ ત્યારે ખબર પડે કે શ્રી કૃષ્ણ શું છે. જેને સમાધિમરણ કહીએ એવો એમના મૃત્યુનો પ્રસંગ જુઓ. એમના ભાઈને હાથે મૃત્યુ થાય છે તેને કહે છે જલ્દી ભાગ, બળદેવ આવશે તો તને મારી નાખશે. મારી ચિંતા ન કર. અત્યંત અત્યંત શાંત સ્વસ્થપણે એ દેહ છોડે છે તો આ છે શ્રી કૃષ્ણ. હવે જન્મથી મરણ સુધી કર્મ જ કંઈક એવા પ્રકારના હોય તો દરેક જગ્યાએ ક્યાંક કપટ કરવું પડે, ક્યાંક માયા કરવી પડે તો નરકનું કર્મ બંધાય. આખી જિંદગી દરમિયાન જે કંઈ ક્રિયા કરવી પડતી હોય એ કર્મના ઉદયના કારણે છે. શ્રી કૃષ્ણ ક્યારેય એકરૂપ થઈને લેપાયા ન હતા. એ અંતરંગથી હંમેશા અલગ હતા એ અનેક જગ્યાએ તમને જોવા મળશે.

### Q આત્મજ્ઞાની પુરુષ શું સાતમી નરકનાં કર્મ બાંધી શકે ?

આત્મજ્ઞાની પુરુષ સાતમી નરકના કર્મ ન જ બાંધી શકે. જૈન શાસ્ત્ર પ્રમાણે પણ શ્રી કૃષ્ણ સાતમી નરકમાં નહીં પણ ત્રીજી નરકમાં ગયા છે. આત્મજ્ઞાનની પ્રાપ્તિ પહેલા આવા કર્મ બધાઈ ગયા હોય તો એક વખત તો એને જાવું જ પડે. આત્મજ્ઞાન પછી થયું હોય, પહેલા કર્મ બાંધી લીધું હોય તો તેનું ફળ તો મળે, મળે ને મળે જ. પછી યોગીશ્વરપણું કહીએ જે ધર્મની આરાધના કરીને પ્રાપ્ત કરેલું છે એનું ફળ મોક્ષ એ પણ એને મળવું જ જોઈએ.

તમને કહીએ કે શિબિરમાં આવવાનું છે અને તમે કહો કે જલ્દી જલ્દી બે કામ પતાવીને પહોંચી જાઉં છું. એવી રીતે એ નરકનું કામ પતાવીને પછી મોક્ષે જવાના; તો કર્મના સિદ્ધાંતો ભગવાનને પણ લાગુ પડે, આપણને પણ લાગુ પડે. પણ અજ્ઞાનદશાની અંદર જૈન સિવાયના બીજા દર્શનો ભગવાનને અપવાદરૂપે ગણે છે કે એને કર્મ ન લાગે, પણ આપણને લાગે જે વાત સો ટકા ખોટી છે.

ભગવાન મહાવીરનું ઉદાહરણ લઈએ તો એને તો કેટલા ભવ પહેલા આવું બધું જ્ઞાન હતું. એ સત્તાવીસમે ભવે મોક્ષે ગયા એ પહેલા નરકમાં, તિર્યંચમાં પણ જાય છે. એટલે જ્ઞાનીપુરુષ થઈ ગયા પહેલા જો કર્મબંધન ન થયું હોય, આયુષ્ય ન બંધાણું હોય તો કોઈ સંજોગોમાં તિર્યંચ ન થાય, નરકમાં પણ ન જાય અને માત્ર બે જ ગતિ હોઈ શકે, દેવગતિ અને મનુષ્યગતિ પણ પહેલા આવું કર્મ બંધાઈ ગયું હોય તો કોઈ ઉપાય નથી જ. ◆





# भगवान महावीर का अन्तर चारित्र

रविवार, ८. ११. २०१५ के दिन वर्धमान प्रतिष्ठान, शिवाजीनगर, पुणे में भगवान महावीर का अन्तर चारित्र की डॉ. ऊष्माजी मोता (मुंबई)द्धारा बहूत ही सुंदर प्रस्तुति की गयी। दोपहर २.४५ पर नवकार मंत्र के उच्चार के बाद भाववाही भक्तिपदों से कार्यक्रम की शुरुआत हुई। श्रोताओं के स्वागत के बाद डॉ. उष्माजी को Presentation के लिये आमंत्रित किया गया। Power point द्धारा तैयार की गई slides एवं video clip प्रोजेक्टर के माध्यम से बड़े screen पर दिखाये जा रहे थे।

भगवान महावीर को हम सब जानते हैं। उनके जीवनकी मुख्य घटनाओं से हम परिचित हैं। उनके २६ पूर्व भवों की घटनाऐं भी हमें विदित है। इन







सारी बातों की श्रृंखला कैसे चली? और जिस तरह चली उसके पीछे क्या कारण थे? महावीर भगवान बने उसके पूर्व आप और हमारी भांति साधारण मनुष्य ही तो थे। साधारण मनुष्य से असाधारणता उन्होंने कैसे प्राप्त की? किस भांति उनका पुरुषार्थ चला?

कई शास्त्रों के reference, अध्ययन और चिंतन के बाद छिपा रहस्य खुला। कैसी कैसी भूलें हुई और उसका कैसा फल प्राप्त हुआ यह सारा analysis के द्धारा प्रकाशित हुआ और यह Presentation बना जिससे हमारे जीवनमें वैसी भूलें न हो वैसा संकल्प जागे।

नेपाल केसरी श्री मणिभद्रमुनि महाराज साहब और उनके साथ विचरते साधु - साध्वी वृंद की निश्रा में करीब १५० श्रावक - श्राविकाएं और बच्चोंने बड़े चावसे इस कार्यक्रम का आनंद लिया। कभी विचार ही नहीं किया हो ऐसी भगवान के जीवन की घटनाओं का रहस्य उन्हें बहोत ही प्रभावित कर गया और पुरुषार्थ बढ़ाने का संकल्प कराता गया।



# ડૉ. કામતાપ્રસાદ જૈન

મહાન સમાજસેવી, પ્રસિદ્ધ જૈન વિદ્વાન, અનેક ગ્રંથોના સફળ સંપાદક અને વિશ્વ જૈન મિશન (વર્લ્ડ જૈન મિશન) દ્વારા દેશ-પરદેશમાં અહિંસા ધર્મનો પ્રચાર કરવામાં અગ્રેસર એવા ડૉ. કામતાપ્રસાદજી જૈનનું સમગ્ર જીવન ધર્મ અને સમાજની સેવામાં સમર્પિત હતું. જૈન ધર્મના અહિંસાદિ સિદ્ધાંતોનો વિશ્વભરમાં પ્રચાર-પ્રસાર થાય એવી ભાવના અને પ્રવૃત્તિમાં તેઓ હંમેશા તત્પર રહ્યા. સમસ્ત વિશ્વમાં સાહિત્યના પ્રચાર દ્વારા જૈન ધર્મનો પ્રસાર કરનાર તેમજ અહિંસાના પૂજારી તરીકે તેઓનું સ્થાન અત્યંત ગૌરવંતું છે.

**જન્મ અને બાળપણ:** ડૉ. કામતાપ્રસાદજીનો જન્મ ઈ.સ. ૧૯૦૧ની ત્રીજી મેના રોજ કેમ્પ બેલપુર (હાલ પાકિસ્તાન)માં થયો હતો. તેમના પિતાશ્રી લાલા પ્રાગદાસ અને માતા ભગવતી દેવીએ આ બાળકમાં નાનપણથી જ ધર્મના સંસ્કારનું સિંચન કર્યું હતું. શિવાજી અને ગાંધીજીની જેમ માતા તરફથી તેમને ઉત્તમ શિક્ષણ મળ્યું હતું. બાબુજીનું બચપણ હૈદરાબાદ (સિંધ)માં વ્યતીત થયું હતું અને અહીં જ તેમણે વિદ્યાલયનું શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું. તેમણે હિંદી, સંસ્કૃત, ઉર્દૂ અને સિંધી ભાષાઓનું જ્ઞાન ખાનગી શિક્ષક દ્વારા પ્રાપ્ત કર્યું હતું. જે તેમને આગળના જીવનમાં સાહિત્યિક અને સાંસ્કૃતિક ક્ષેત્રની સાધનામાં ખૂબ મદદરૂપ થયું. બાબુજીએ ૧૮ વર્ષની ઉંમરથી જ ભિન્ન ભિન્ન વિષયો ઉપર લેખો લખવાની શરૂઆત કરી હતી. ફક્ત નવ ધોરણ સુધી જ નિશાળનું શિક્ષણ પ્રાપ્ત કર્યું હોવા છતાં પણ સતત પરિશ્રમ, ઉત્તમ સંસ્કાર અને સ્વાધ્યાયશીલતા દ્વારા તેઓએ અનેકવિધ વિષયોનું જ્ઞાન સંપ્રાપ્ત કર્યું હતું. આમ નિજ અભ્યાસના બળથી તેઓ મહાન વિદ્યાવારિધિ બની ગયા.

**કૌટુંબિક અને વ્યાવસાયિક જીવન:** બાબુજીનું પ્રથમ લગ્ન નાની વયમાં થયું હતું. પરંતુ પત્નીનો દેહાંત થવાથી અને પિતાશ્રીના ખૂબ આગ્રહને કારણે ૨૩ વર્ષની ઉંમરે તેમણે બીજું લગ્ન કર્યું. બીજા લગ્નથી તેમને ત્રણ સંતાનો થયા. પુત્ર વીરેન્દ્રકુમાર તેમજ પુત્રીઓ સરોજિની અને સુમન. તેમના પિતાશ્રી લશ્કરી વિભાગમાં બેન્કર-કોન્ટ્રાક્ટર તરીકે કામ કરતા હતા. પેશાવર, રાવલપિંડી, હૈદરાબાદ (સિંધ) વગેરે સ્થાનોએ તેમની પેઢીઓ હતી. ઈ.સ. ૧૯૨૦માં બાબુજી પણ આ બેન્કિંગ ફર્મમાં જોડાયા. ઈ.સ. ૧૯૩૦માં લશ્કરી વિભાગમાંથી ભારતીય બેન્કરોને દૂર કર્યા ત્યારે તેમના પિતાશ્રીએ થોડો વખત જમીનદારીનો કારભાર સંભાળ્યો. પણ પછી તેમની તબિયત લથડતાં તેમનો દેહવિલય થયો.

ઈ.સ. ૧૯૩૧થી કામતાપ્રસાદજી અલિગંજ (ઉત્તર પ્રદેશ)માં આવીને અને સમાજસેવાના કાર્યોમાં લાગી ગયા. ઈ.સ. ૧૯૩૧ થી ૧૯૪૯ સુધી ઓનરરી મેજિસ્ટ્રેટ તથા ઈ.સ. ૧૯૪૩ થી ૧૯૪૮ સુધી આસિ. ક્લેક્ટર તરીકે કાર્યવાહી સંભાળી. આવા ઉચ્ચ પદો પર રહીને પણ ઈમાનદારી અને સમાજસેવાના કાર્યોમાં તઓ નિરંતર સંલગ્ન રહેતા. સર્વસાધારણ જનતા તેમની સેવાભાવના જોઈને મુક્ત કંઠે પ્રશંસા કરતી. અનેક કમિટિઓ અને સમારોહોના મંત્રી અથવા અધ્યક્ષપદ પર રહીને તેમણે કરેલા અનેક સમાજસેવાના કાર્યોમાં બાબુજીની કાર્યકુશળતા દ્રષ્ટિગોચર થતી.

**રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સન્માનઃ** ડૉ. કામતાપ્રસાદજીને દેશ-વિદેશની અનેક સંસ્થાઓ તરફથી વિશિષ્ટ સન્માન પ્રાપ્ત થયું હતું જેમ કે,

(૧) 'યશોવિજયજી જૈન ગ્રંથમાળા' તરફથી 'ભગવાન મહાવીર' નિબંધ પર સુવર્ણચંદ્રક.

(૨) ભારતીય વિદ્યાભવન તરફથી 'હિન્દી સાહિત્ય' નિબંધ પર રજતચંદ્રક.

(૩) બેરિસ્ટર શ્રી ચંપતરાય જૈન દ્વારા સ્થાપિત જૈન એકેડેમી દ્વારા ઈ.સ. ૧૯૪૨માં કરાચી અધિવેશનમાં એલ.એલ.ડી. ની પદવી.

(૪) કેનેડાની ઈસાઈ આંતરરાષ્ટ્રીય શિક્ષણસંસ્થા (પેનમેનીકલ ચર્ચ) દ્વારા સર્વધર્મના તુલનાત્મક અધ્યયન પર પી.એચ.ડી.ની ઉપાધિ.

(૫) બનારસની સંસ્કૃત પરિષદ દ્વારા 'સાહિત્યમનીષિ' તથા જૈન સિદ્ધાંત ભવના-આરાની સુવર્ણ જયંતી પ્રસંગે સિદ્ધાંતાચાર્યની ઉપાધિ.

(૬) રૉયલ એશિયાટિક સોસાયટી, લંડનના સભ્ય તરીકે નિયુક્તિ.

(૭) જર્મનીની કીસરલીંગ સોસાયટીનું સભ્યપદ.

(૮) મધ્ય અમેરિકાના આંતરરાષ્ટ્રીય ધર્મ સંઘ દ્વારા સર્વોચ્ચ સન્માન.

(૯) ૧૫માં વિશ્વ-શાકાહાર સંમેલન વખતે દિલ્હીમાં તેઓ સ્વાગતમંત્રી નિયુક્ત થયા હતા.

(૧૦)અમદાવાદમાં આયોજિત ઓરિએન્ટલ કૉન્ફરન્સમાં જૈન ધર્મ અને પ્રકૃતિ વિભાગમાં તેઓ અધ્યક્ષ નિયુક્ત થયા હતા.

**દાનધર્મમાં નિષ્ઠાઃ** અખિલ વિશ્વ જૈન મિશનના કાર્યાલયથી માંડીને તેની વિવિધ પ્રવૃત્તિઓ ચલાવવામાં ડૉ. સાહેબે હજારો રૂપિયાનું દાન કર્યું હતું. અનેક નિર્ધન-અનાથ વિદ્યાર્થીઓને પણ તેમણે સારી સહાયતા કરી હતી. પુસ્તકોના પ્રકાશન - વિતરણમાં પણ તેમણે ઉદાર હાથે ફાળો આપ્યો હતો.

**યશસ્વી સંપાદક :** 'વીર' પત્રિકાના પ્રથમ સંપાદક તરીકે બાબુજી ઈ.સ. ૧૯૨૩થી કાર્યરત હતા. લગભગ ૩૦ વર્ષ સુધી તેઓએ તેનું કુશળતાપૂર્વક સંપાદન કર્યું હતું.

'વૉઈસ ઓફ અહિંસા' અને 'અહિંસા વાણી'ના સંપાદક તરીકે પણ ઘણાં વર્ષો સુધી તેમણે પોતાની સેવાઓ આપી હતી. 'અહિંસા વાણી' હિંદી ક્ષેત્રમાં અને 'વૉઈસ ઓફ અહિંસા' અન્ય ક્ષેત્રોમાં, પરદેશમાં ખૂબ લોકપ્રિય બન્યા હતા. બાબુજીની સંપાદનકળા ખૂબ જ પ્રભાવિત કરે તેવી હતી. નવોદિત સાહિત્યકારોને તેઓ ઘણી રીતે પ્રોત્સાહિત કરતા.

**ઈતિહાસ પર વિશેષ પ્રેમ:** કામતાપ્રસાદજીને જૈન ઈતિહાસના અધ્યયનમાં અનેરી રુચિ હતી. આ વિષયનું તેમણે ગહન અધ્યયન કર્યું હતું. જૈન ઈતિહાસ સંબંધી અનેક પુસ્તકો પણ તેમણે સમાજને અર્પિત કર્યાં છે.

**બાબુજીની સાહિત્યસેવા:** પ્રસિદ્ધ સાહિત્યકાર શ્રી કનૈયાલાલ મિશ્ર 'પ્રભાકરે' બાબુજી વિશે કહ્યું હતું કે જૈન સાહિત્ય તેમનો વિષય છે, જૈન ઈતિહાસ તેમની વિચારધારા છે અને તેમનું મિશન જૈન ધર્મના સૂર્ય પર છવાયેલા વાદળોને હટાવીને તેના પ્રકાશ દ્વારા વિશ્વને આલોકિત કરવાનું છે.

ડૉ. સાહેબે તેમના જીવનકાળ દરમિયાન હિન્દી અને અંગ્રેજી ભાષામાં લગભગ ૧૦૦ પુસ્તકો ઈતિહાસ, ધર્મ, દર્શન તેમજ સાહિત્ય પર લખ્યાં છે.

આ ઉપરાંત જૈન ધર્મ તેમજ અહિંસાના પ્રચારાર્થે તેમણે અનેક નાની પુસ્તિકાઓ પણ પ્રકાશિત કરી છે.

**The Religion of Tirthankaras:** ઈ.સ. ૧૯૬૪માં પ્રકાશિત થયેલો અંગ્રેજી ભાષામાં લગભગ ૫૧૪ પૃષ્ઠમાં લખાયેલો આ વિશાળકાય ગ્રંથ છે. આને બાબુજીના જીવનની સૌથી મોટી તેમજ મહત્વની અંતિમ કૃતિ ગણી શકાય. સેંકડો ગ્રંથોના અધ્યયન-મનન અને સંશોધન બાદ આ રચના થયેલી છે.

ડૉ. કસ્તૂરચંદ કાસલીવાલના શબ્દોમાં તેઓ જૈન સાહિત્યના ઉત્કૃષ્ટ વિદ્વાન હતા. તેમણે જે સાહિત્ય સમાજને આપ્યું છે તે અત્યંત મૂલ્યવાન છે. તેમના જેવી સાદગી, સહૃદયતા, નિરભિમાનતા અને વિદ્વતા અન્યત્ર મળવી મુશ્કેલ છે.

શ્રી વીરચંદ ગાંધી, બેરિસ્ટર ચંપતરાયજી તેમજ શ્રી. જે.એલ. જૈનીના પદચિહ્નો પર ચાલી ડૉ. સાહેબે દેશ-વિદેશમાં જૈન ધર્મ અને અહિંસાના પ્રચાર-પ્રસાર દ્વારા સાહિત્ય અને સમાજની અનહદ સેવા કરી છે.

**અંતિમ પ્રયાણ:** જિંદગીના છેલ્લા ૩૦ વર્ષો દરમિયાન તેમને હરસમસા (પાઈલ્સ)ની બીમારી રહી હતી. વારંવાર ઝાડામાં લોહી પડતું. તેમાં પણ ઈ.સ. ૧૯૬૪ સપ્ટેમ્બર પછી તેમની તબિયત વધારે ખરાબ થતી ગઈ. તે દરમિયાન ધર્મપત્નીનો પણ વિયોગ થયો. તબિયત વિશેષ ખરાબ હોવાથી રાતભર ઊંઘ પણ ન આવે, પરંતુ તેમના સંતાનો તેમને ધર્મની અનેક વાતો સંભળાવતાં અનેધાર્મિક ચર્ચાઓ દ્વારા તેમનું દુઃખ હળવું કરવા પ્રયત્નશીલ રહેતાં. બીમારી વધવા છતાં બાબુજીએ કદી પણ એલોપેથી દવાઓ લીધી નહીં. આયુર્વેદિક કે હોમિયોપથી દવાઓનો જ ઉપચાર ચાલુ રાખ્યો હતો. જીવનના અંત સુધી તેઓ આ સંબંધી મક્કમ રહ્યા હતા.

ઈ.સ. ૧૯૬૪, ૧૭ મે, રવિવારના રોજ (વિ.સં. ૨૦૨૧ વૈશાખ સુદ ૬) અસ્વસ્થતા વધતાં અલીગંજથી બહારગામ ઉપચાર માટે લઈ જવાનું નક્કી કર્યું. પરંતુ માર્ગમાં જ તેમનું દેહાવસાન થયું. મૃત્યુ સમયે પણ તેમના મુખ પર વેદનાની પીડા નહોતી 'નમો અર્હં'... ના મંત્ર સાથે તેમણે છેલ્લો શ્વાસ લીધો. સમાજે એક કર્મઠ સેવક, વિદ્વાન લેખક અને ઉચ્ચ કોટિનો સાહિત્યકાર ગુમાવ્યો. બાબુજીએ વાવેલું અને સિંચેલું 'વિશ્વ જૈન મિશન'નું વૃક્ષ આપણે નવપલ્લવિત કરીએ અને તેમણે સેવેલા આદર્શોને યાદ કરી તેમની ભાવના અનુસાર સમાજ અને ધર્મ સેવાઓનો વિસ્તાર કરીએ. આમ કરીશુ તો જ જૈન ધર્મ લોકભોગ્ય થશે, તેમજ સમસ્ત વિશ્વ તેના અહિંસાદિ સિદ્ધાંતોને સમજી શકશે. ◆

# આણાએ ધમ્મો, આણાએ તવો

**સંકલન : ડૉ. સુચિતા દોશી**, મુંબઈ

શ્રી સદ્ગુરુની આજ્ઞાએ પૂર્વકર્મનો ભુક્કો બોલાવવા જીવ બાહ્યતપનું આરાધન કરતાં દેહની આસક્તિ તોડતો જાય છે. ત્યારે આંતરતપ તેને આત્મસ્વરૂપમાં વધારે સ્થિર થવામાં સહાય કરી આગળ વધારે છે.

આમ બાહ્યતપ શરીર સાથે સંબંધ ધરાવે છે. શરીરની શાતા-અશાતાથી પર બની વર્તવાથી બાહ્યતપ સધાય છે. મનને વશ કરવા માટે આ તપ ખૂબ સહાયકારી થાય છે. જ્યારે મનને વશ કરવાના ઉપાયરૂપે છ આંતરતપ કહ્યા છે, કારણ કે મનને વશ કરવું એ દુષ્કરમાં દુષ્કર કાર્ય સહુ જ્ઞાની ભગવંતોએ કહેલ છે. બાહ્યતપ આંતરતપને પુષ્ટિ આપનારા છે. આંતરતપમાં આત્માના ભાવોની મુખ્યતા છે.

છ આંતરતપમાં સૌ પ્રથમ તપ છે.

**(૧) પ્રાયશ્ચિત :** આ સંસારમાં પરિભ્રમણ કરતાં અજ્ઞાન અને રાગદ્વેષને કારણે જીવ એવી અને એટલી ભૂલો કરી નાખે છે કે તેને અનેક પ્રકારે અશાતા તથા સંસાર વધી જાય છે, અને તેની મુશ્કેલીઓનો પાર રહેતો નથી. આવી સ્થિતિથી બચવા માટે શ્રીપ્રભુએ પ્રાયશ્ચિત નામનું તપ કહ્યુ છે. પ્રાયશ્ચિત એટલે ભૂતકાળમાં થયેલી ભૂલો માટે પશ્ચાતાપ કરી, ક્ષમા માંગી, સ્વેચ્છાએ તે માટે દંડ સ્વીકારવો. પોતાની ભૂલનો એકરાર કરવાથી જીવ પોતાનો દોષ સ્વીકારે છે, તેથી ગુરુજન સમક્ષ અથવા જેનો અપરાધ કર્યો હોય, તેની પાસે વિનમ્ર બની ક્ષમા માંગે છે. આમ કરવાથી પોતાની ભૂલનું અમુક અંશે વેદન થાય છે અને જીવ હળવાશ અનુભવે છે. તેનો માનભાવ તૂટી વિનમ્રતાનો ગુણ ખીલે છે. ગુરુજન સમક્ષ દંડની માંગણી કરી, તેનો સ્વીકાર તથા પાલન પણ કરે છે. સામાન્યપણે કોઈ જીવને શિક્ષા ભોગવવી ગમતી નથી તેથી જ્યારે તે ઈચ્છાપૂર્વક દંડ સ્વીકારે છે ત્યારે ફરીથી આવી ભૂલ ન કરવા કૃતનિશ્ચયી બને છે. આમ જીવ પ્રાયશ્ચિત કરવાથી ભાવિમાં ભોગવવાના દંડને, શ્રીગુરુની સાક્ષીએ અમુક અંશે વર્તમાનમાં ભોગવી નિર્જરા કરે છે. આમ પૂર્વ સંચિત કર્મોની નીર્જરા ત્વરાથી થતી જાય છે.

**(૨) વિનયતપઃ** વડીલો, ગુરુભગવંત વગેરેના આદર-સત્કાર તેમજ ઉચિત વ્યવહાર કરવા, ભક્તિ કરવી તે વ્યવહારથી વિનય તપ છે. સમ્યક્જ્ઞાન, દર્શન તથા ચારિત્ર પ્રતિ બહુમાન આદિનો ભાવ તે નિશ્ચયથી વિનય તપ છે અને સમ્યક્ જ્ઞાન, દર્શન તથા ચારિત્રના ધારક સુદેવ, સદ્ગુરુ અને સત્શાસ્ત્ર પ્રતિનો આદરભાવ, પૂજ્યભાવ, અહોભાવ આદિ વેદવા તે ઉપચારથી વિનયતપ છે. મનુષ્યગતિમાં જીવને માન કષાયનો ઉદય બળવાનપણે વર્તતો હોય છે. તેને રૂપ, જાતિ, કુળ, ધન, જ્ઞાન આદિ અનેક પ્રકારે માન પ્રવર્તતું હોય છે. તેથી તે અનેક જીવો જોડે અયોગ્ય વર્તન જાણતા - અજાણતા કરી બેસે છે. ઘણીવાર સત્ અને સત્‌ના ધારક ઉત્તમ આત્માનો અનાદર પણ કરી બેસે છે. તેનાથી જીવ

અંતરાય કર્મ તેમજ અશાતા વેદનીય કર્મ બાંધી લે છે અને ભવિષ્યમાં પોતાના માટે જ દુઃખની વણઝાર ઊભી કરી લે છે. જ્યારે જીવ શ્રી સત્ગુરુના માર્ગદર્શન નીચે આવા અનર્થકારી માનપણાને ઓળખે છે, પોતાનું અલ્પપણું તેને સમજાય છે ત્યારે તેને સત્દેવ, સત્ગુરુ, સત્ધર્મ પ્રત્યે સાચો આદર, અહોભાવ અને નમ્રતા (અંતરંગ ભાવ જોડે) ઉત્પન્ન થાય છે અને તે રીતે વિનયથી તેમની જોડે તથા બીજા જીવો જોડે પણ વર્તે છે. આ જ સાચું વિનય તપ છે. પ્રાયશ્ચિતમાં જીવ પોતાનો દોષ અને તેનો દંડ પણ સ્વીકારે છે. આમાં બીજી વ્યક્તિઓ જોડેનો વ્યવહાર પણ ભળે છે. તેથી તેવો માન કષાય તોડવા વિશેષપણે પ્રયત્ન કરવો પડે છે. આ વિનય ગુણને આધારે જીવ સત્ તરફ વળી સન્માર્ગને પામી શકે છે. તેથી શ્રી પ્રભુએ તેને મુખ્ય ગુણ ગણાવ્યો છે. શ્રી ઉત્તરાધ્યન સૂત્રમાં પણ પ્રથમ અધ્યયન 'વિનય' પર જ રચાયું છે.

**(૩) વૈયાવચ્ચ:** એટલે સેવા. સેવા આંતર તેમજ બાહ્ય - બે પ્રકારે થઈ શકે છે. તેમાં અહીં આંતરતપને મુખ્યતા આપવામાં આવી છે. કોઈ જીવને અશુભ કર્મના બળવાન ઉદયને કારણે અશાતા વર્તતી હોય અને વિશેષ પ્રમાણમાં આર્તપરિણામ થતાં હોય, ત્યારે કર્મબંધન ઘણા વધી જવાની શક્યતા રહે છે. તેવે વખતે તે જીવને બોધ, સત્સંગ, ભક્તિ આદિ સાધનો દ્વારા શાતા આપવાનો પુરુષાર્થ કરવામાં આવે છે. સાથે સાથે તે જીવ આર્તપરિણામથી મુક્ત થઈ ચિત્તની સ્થિરતા મેળવે તે માટે પ્રયત્ન કરવામાં આવે છે. આ પ્રયત્ન કરતી વખતે ઉચ્ચ કે નીચ દશાના ભેદથી પર બની, માનભાવથી અલિપ્ત થઈ માત્ર કલ્યાણભાવથી પ્રેરાઈને પ્રવૃત્ત થવાનું હોય છે. આ રીતે શાતા આપવાની પ્રવૃત્તિ કરવી તે વૈયાવચ્ચ ગણાય છે. આવો સેવા ગુણ ખીલવનાર તેમજ કષાયોથી પર હોવાને કારણે સેવા કરનાર માટે આંતરતપ ગણાય છે. જ્યાં સુધી જીવમાં કલ્યાણભાવ સાથે સેવા કરવાની વૃત્તિ બળવાન થતી નથી, ત્યાં સુધી તે જીવ સાચા અર્થમાં વૈયાવચ્ચ કરી શકતો નથી. કેટલીક વખત જીવને આશાતાનો ઉદય ખૂબ બળવાન હોય ત્યારે સત્સંગ, ભક્તિ આદિ ચિત્તની સ્થિરતા કરવામાં સફળ નથી થતાં, ત્યારે બાહ્ય શાતાના નિમિત્તો, જેવાં કે શારિરીક સેવા - અંગ દબાવવા, દવા આપવી, બીજી જોઈતી અનુકુળતા કરી આપવી વગેરેનો પણ આ તપમાં સમાવેશ કરવામાં આવે છે.

**(૪) સ્વાધ્યાય :** સ્વ + અધિ + આય
પોતાનું જ્ઞાન પ્રાપ્ત કરવું.

આમ પોતા (આત્માનું) સંબંધી જ્ઞાન મેળવવું તેને જ સ્વાધ્યાય કહી શકાય. શ્રી ગુરુના આશ્રયે જ્યારે જીવ આ તપમાં અભ્યાસ કરે છે ત્યારે તેના જ્ઞાનના આવરણો ક્ષીણ થતાં જાય છે. તેથી આત્માની સ્પષ્ટ સમજણ વધતી જાય છે અને આત્માનુભૂતિનો માર્ગ મોકળો થતો જાય છે. આ તપનાં શ્રી પ્રભુએ પાંચ ભેદ વર્ણવ્યા છે.

**વાંચન :** શ્રી તીર્થંકર પ્રભુના બોધને અવધારી જ્ઞાનીઓએ જે અધ્યાત્મ ગ્રંથોની રચના કરી છે, તે ગ્રંથોને વાંચી તેને શક્ય તેટલાં ઉંડાણથી સમજવાનો પ્રયત્ન કરવો તે વાંચન સ્વાધ્યાય.

**પૃચ્છા :** અભ્યાસ કરવા છતાં સમજાયા વિનાના ભાગને વિશેષજ્ઞને પૂછી અધૂરી રહેલી સમજણ મેળવી લેવી તે પૃચ્છા.

**અનુપ્રેક્ષા:** આ બન્ને રીતે જે જાણ્યું તેને વિશે ચિંતન તથા મનન કરી તેને આત્મસાત્ કરવા પુરુષાર્થ કરવો તે અનુપ્રેક્ષા સ્વાધ્યાય.

**આમ્નાય:** તત્વની યોગ્યતા - અયોગ્યતા નક્કી કરી, તેને ધારણા માટે મુખપાઠ કરવો તે આમ્નાય સ્વાધ્યાય.

**ધર્મોપદેશ:** આમ કરતાં કરતાં તે વિષયની પૂરી જાણકારી આવી જાય, અન્ય સમક્ષ સારી રીતે રજૂ કરવાની શક્તિ પ્રગટી જાય, તે પછીથી કલ્યાણભાવ સાથે યોગ્ય વાણીથી સમજાવવું તે ધર્મોપદેશ સ્વાધ્યાય છે. આ સ્વાધ્યાયથી અન્ય જીવોના જ્ઞાનના આવરણો હળવા કરવામાં મદદ કરવાનો પુરુષાર્થ થતો હોવાથી, તેનાથી જે પુણ્યકર્મ બંધાય છે તેના

લીધે ઉપદેશકને જ્ઞાનની વૃદ્ધિ કરવાનો મોટો લાભ મળે છે.

**(૫) કાઉસ્સગઃ** અથવા કાયોત્સર્ગ કે વ્યુત્સર્ગ. શરીર અને સંસારનો ત્યાગ અર્થાત્ બાહ્ય તથા અંતર પરિગ્રહના ત્યાગના પુરુષાર્થને કાયોત્સર્ગ કહેવામાં આવે છે. ધન, ધાન્ય, મકાન આદિ ઉપકરણો, દેહ, કુટુંબ, મિત્ર આદિનું મમત્વ (અર્થાત્ આ શરીરને લગતું) તે બાહ્ય પરિગ્રહ છે. જ્યારે ક્રોધ, માન, મારણ, લોભ આદિ કષાયો કે જેના થકી કર્મ પરમાણુઓનો આત્મા પર આશ્રવ થાય છે. (અર્થાત્ સંસારની વૃદ્ધિ) તે આંતર પરિગ્રહ છે. આ પરિગ્રહથી છૂટવાનો, તેનો ત્યાગ કરવાનો પુરુષાર્થ તે કાયોત્સર્ગ તપ છે. સામાન્યપણે આ તપમાં જીવ એક આસને સ્થિર બેસી, સર્વ પદાર્થના મમત્વ ભાવનો ત્યાગ કરે. સ્વરૂપમાં લીન થવાનો સતત પ્રયત્ન કરે છે. જ્યાં જ્યાં જીવને વિચારપણે પણ મમતા દેખાય છે. ત્યાં તેનું છેદન કરવાનો પ્રયત્ન કરે છે. આમ કાયોત્સર્ગ તપ પહેલાં ચાર તપના ફળરૂપ અને ધ્યાનતપના (છેલ્લા) કારણરૂપ બને છે.

પૂર્વમાં કરેલી ભૂલોનું પ્રાયશ્ચિત કરી જીવ વિનયી થાય છે. વિનય સાથે વિવેક જાગતા વૈયાવચ્ચ સેવા શુશ્રુષા તપ ઉત્તમતાએ આરાધી શકે છે. સ્વાધ્યાયથી આત્મશુદ્ધિ કરવાના ઉત્તમ માર્ગની સમજણ અને દ્રઢતા આવે છે. તેને લક્ષ આવે છે કે આત્મા સિવાયના સર્વ પરપદાર્થ સંબંધીના મમત્વમાં રાચીને તેણે શાશ્વત સુખ ખોયું છે. તેને મેળવવા માટે તે પરિગ્રહ ત્યાગી, કાયોત્સર્ગ કરે છે અને ધ્યાનતપમાં લીન થાય છે.

**(૬) ધ્યાનતપઃ** તે સર્વોત્કૃષ્ટ અને અંતિમ તપ છે. શ્રી પ્રભુએ ધ્યાનના ચાર પ્રકાર કહ્યા છે. આર્ત, રૌદ્ર, ધર્મ અને શુક્લ તેમાં પહેલા બે પ્રકાર કષાયયુક્ત હોવાથી સંસારની વૃદ્ધિ કરે છે, તેથી તેને છોડવા યોગ્ય ગણાવ્યા છે. બીજા બે ધ્યાન જીવને આત્માની અનુભૂતિ કરાવનાર હોવાથી આત્મશુદ્ધિ કરવા માટે ખૂબ ઉપકારી છે અને તે કરવા યોગ્ય ગણાવ્યા છે.

ધ્યાનતપમાં જીવ દેહ, ઈન્દ્રિયો, અને પૌદ્ગાલિક પદાર્થથી પર બની સ્વસ્વરૂપમાં એકાગ્ર થાય છે. ધર્મધ્યાનમાં આ અલિપ્તતા બાહ્યથી હોય છે પણ અંદરથી સૂક્ષ્મ શુભ ભાવ (કેવળી ગમ્ય) પ્રવર્તતા હોય છે, તેથી તે ધર્મધ્યાન કહેવાય છે. આવા સૂક્ષ્મ વિચારો (ભાવ)ની અલ્પતા શરૂ કરીને નિર્વિચાર થવા સુધીની દશાને પ્રભુ શુકલધ્યાન તરીકે ઓળખાવે છે. ક્રમે ક્રમે તેની વિશુદ્ધિ વધતી જાય છે અને આત્મા પૂર્ણતાએ કષાય રહિત થઈ સર્વજ્ઞ થાય છે. આ તપમાં જીવની કર્મની નિર્જરા અનંતગણી થાય છે.

આમ પહેલાં દસ (૬ બાહ્યતપ + ૪ આંતરતપ) તપ કાયોત્સર્ગ તપનું કારણ છે. કાયોત્સર્ગ તપ ધર્મધ્યાનનું અને ધર્મધ્યાન શુકલધ્યાનનું કારણ છે. જીવ જ્યારે શુકલધ્યાનમાં હોય ત્યારે ધર્મમાં પ્રવર્તે છે. એ સિવાયની સ્થિતિમાં સંસારમાં પ્રવર્તે છે. આ સંસારી સ્થિતિમાંથી નીકળી પાછા સ્વરૂપમાં જવા માટે તેને આજ્ઞાસહિતનું તપ સહાયકારી થાય છે.

આજ્ઞારહિતપણે સ્વચ્છંદે આચરેલા તપમાં જીવથી અનેક દોષ થાય છે અને જીવ મોટેભાગે કર્મકટિને બદલે કર્મવૃદ્ધિ કરી નાખે છે. જ્યારે જીવ પોતાના સદ્ગુરુ, સમ્યક્ માર્ગદર્શકની ઈચ્છાનુસાર પોતાના વર્તન અને ભાવનું ઘડતર કરે છે તો તેમની યથાયોગ્ય દોરવણી નીચે આ બારે પ્રકારના તપનું ઉત્તમતાએ આરાધન કરી શકે છે. પોતાના કર્મોનો ભુક્કો બોલાવી શકે છે.

શ્રી તત્વાર્થ સૂત્રમાં કહ્યા પ્રમાણે 'તપસા નિર્જરા ચ' અર્થાત્ તપથી સંચિત કર્મોની નિર્જરા થાય છે. જ્ઞાનસારમાં એની વ્યાખ્યા કરી છે 'કર્મણા તાપનાત તપઃ' જેમ દાવાનળ જંગલમાં વૃક્ષોને બાળીને ભસ્મીભૂત કરે તેમ તપનો અગ્નિ કર્મપૂંજને બાળીને ભસ્મીભૂત કરે છે. ફક્ત તે તપ સદ્ગુરુની આજ્ઞાસહિત થવું જોઈએ માટે જ શ્રી પ્રભુએ 'આણાએ તવો'નું સૂત્ર આપણને આપ્યું છે. ◆

# અખાના છપ્પા

**હેતલ દોશી**, મુંબઈ

*....જ્ઞાની તે જે કરે વિચાર, પ્રપંચ તજે ને સંઘરે સાર...*

*અખાજીના આ છપ્પાની સમજણ લેતાં આપણે જાણ્યું કે અહીં જ્ઞાની શબ્દ ઉપદેશક કે ગુરુના અર્થમાં ન કરતાં અખાજી કહે છે કે આત્મા પોતે જ્ઞાન સ્વરૂપ જ છે. માટે, જે પોતાને ઓળખવાની કોશિષ કરે છે તે જ્ઞાની. 'હું કોણ છું ?' નો વિચાર સદ્‌ગુરુના માર્ગદર્શન પ્રમાણે વિચારતાં જવાબ એ મળે છે કે આ શરીરની અંદર રહેલું જે જીવંત તત્વ છે તે 'હું' છું, શરીર એ 'હું' નથી. માણસ જીવતો હોય તો અગ્નિ સ્પર્શ કરતાં તરત જ દાઝી જાય પરંતુ મૃતદેહને તો ચિતામાં બાળી નખાય છે. માટે, જે જાણે છે તે જીવ અને જે જણાય છે તે અજીવ અથવા જડ (શરીર).*

શરીરની ઈન્દ્રિયોમાં જોવા જાણવાની શક્તિ નથી. દેહની અંદર જ્ઞાન કરવાવાળો આત્મા હોય ત્યારે જ આ ઈન્દ્રિયો જોઈ જાણી શકે છે એ વિશેષપણે પ્રત્યક્ષ જ્ઞાનીના માર્ગદર્શનથી સમજાય છે. ઉદાહરણ તરીકે જો જીવને એમ લાગતું હોય કે આંખથી દેખાય છે તો જ્યારે આંખ ખુલ્લી હોય ત્યારે સામે પડેલી બધી જ વસ્તુ અથવા જ્યાં બેઠા હોઈએ એ રૂમની બધી વસ્તુ દેખાવી જ જોઈએ. પણ આપણો અનુભવ છે કે એવું નથી બનતું. જેમકે કોઈ આપણને કહે કે સામે પડેલી ફલાણી વસ્તુ આપો અને એ સમયે આપણી અંદરમાં જો કંઈક બીજા વિચાર ચાલતા હોય તો આંખની સાવ સામેજ પડેલી વસ્તુ પણ નથીજ દેખાતી અને એ વ્યક્તિ આવીને કહે, ''તારું ધ્યાન ક્યાં છે ? આમ આંખ સામે પડ્યું છે અને તારી નજરમાં નથી આવતું ?'' એટલે આંખ નથી જોઈ શકતી પણ આંખની પાછળ ધ્યાન લગાડવામાં આવે તો જ આંખ દ્વારા સામે પડેલી વસ્તુ જોઈ શકાય છે.

ઘણી વખત આપણે આપણી ધૂનકીમાં રસ્તામાં ચાલ્યા જતાં હોઈએ અથવા મોડું થઈ ગયું હોય તો અંદરમાં એક જ લક્ષ ચાલતો હોય કે જ્યાં પહોંચવાનું છે ત્યાં જલ્દી પહોચું; ત્યારે ખુલ્લી આંખ રાખી ચાલતા હોવા છતાં સામેથી આવતી ઘરની વ્યક્તિ કે મિત્રનો પણ આપણને ખ્યાલ નથી આવતો. એ પાસે આવી આપણને બોલાવે અને કહે, ''હેતલ - તારું ધ્યાન ક્યાં છે ?'' ત્યારે આપણે કહીયે, ''સોરી મારું ધ્યાન નહોતું.'' આંખ ખુલ્લી હોવા છતાં ધ્યાન ન હોવાથી આપણને દેખાતું નથી. તો આંખ જુએ છે ? કે આંખની પાછળ ધ્યાન મૂકીએ એટલે કે આત્મા એનો ઉપયોગ મૂકે ત્યારે દેખાય છે ?

રાત્રે સૂઈ જઈએ; આંખ બંધ હોય તો પણ સ્વપ્નમાં આપણે બધું જોઈ જાણી શકીએ છીએ એટલે કે આંખ જોતી નથી, આત્મા જુએ છે.

બીજુ ઉદાહરણ લઈએ. જેની આંખ નબળી હોય એણે વસ્તુને સ્પષ્ટ જોવા માટે ચશ્મા પહેરવા પડે. તો શું ચશ્મા જુએ છે ? જો હા તો ચશ્મા કાઢીને બાજુમાં મૂકું તો ચશ્માથી દેખાવું જોઈએ પણ એમ તો બનતું નથી. આંખની નબળાઈના કારણે જેમ જોવા માટે ચશ્માનો ઉપયોગ કરવો પડે છે એમ આત્મા અત્યારે કર્મોના કારણે નબળો થઈ ગયો છે. માટે પોતે જોઈ જાણી શકવાની શક્તિ ધરાવતો હોવા છતાં પાંચ

ઈન્દ્રિય મારફત જ્ઞાન ક્રિયા કરે છે. એનો અર્થ એ નથી કે ઈન્દ્રિયો જ્ઞાન ક્રિયા કરે છે.

હવે કાનનો વિચાર કરીએ. જો એમ માનતા હોઈએ કે કાનથી સાંભળીએ છીએ તો જ્યારે આપણે ફોન પર વાત કરતા હોઈએ અને જ્યાં બેઠા છીએ ત્યાં કંઈક થતું હોય અને આપણે એ જોઈ કોઈ વિચારમાં ચડી જઈએ તો સામે છેડેથી ફોન પર વાત કરનાર વ્યક્તિ શું બોલી ગઈ એ આપણે સાંભળી નથી શકતા, મીસ કરી જઈએ છીએ.

પછી આપણે કહીએ છીએ, ''તમે ફરીથી બોલશો ? મારું ધ્યાન નહોતું.'' જો કાન જ સાંભળનાર હતો તો કાન ખુલ્લો જ હતો અને ફોન પણ કાન પર જ હતો છતાં ધ્યાન બીજે હોવાથી સાંભળી નથી શકયા. માટે કાન નથી સાંભળતો પણ કાનની પાછળ આત્મા ધ્યાન મૂકે એટલે કે ઉપયોગ મુકે ત્યારે જ કાન સાંભળી શકે છે. એટલે ઉપયોગ જેનું લક્ષણ છે તે આત્મા છે.

આમ પાંચ ઈન્દ્રિયની પાછળ જ્ઞાન કરવાવાળો હાજર હોય તો જ ઈન્દ્રિય દ્વારા જોઈ જાણી શકાય છે. વળી પાંચ ઈન્દ્રિય દ્વારા જાણ્યા પછી આ પદાર્થ આ છે એમ ઈન્દ્રિય તો નક્કી નથી જ કરી શકતી. એ નક્કી કરનાર અને એને ભોગવનાર આ પાંચ ઈન્દ્રિયથી અને શરીરથી જુદો છે. બે જણે (આંખે) કેરી જોઈ એને તે લેવા બીજા બે જણ ઉપડ્યા (પગ) પણ એ લઈ ન શકયા, જેણે કેરીને લીધી. બીજા બે જણ (હાથે) પણ એને ખાઈ ન શક્યા, ખાધી બીજા એ (મોઢા, જીભ) પણ એ એને માણી ન શક્યા, કેરી નો સ્વાદ માણ્યો કો'ક બીજાએ. કેરી ખાઈને, વાહ! શું સ્વાદિષ્ટ કેરી છે એવી ફીલીંગ પાંચમાંથી કોઈ ઈન્દ્રિય કરી શકે છે ? ના, એ ફીલ કરવાવાળો અંદર બેઠેલો છે અને એ જ **'આત્મા'** છે એમ પ્રત્યક્ષ જ્ઞાની પુરુષના સમાગમથી સમજાય છે.

આ દેહની અંદર એવું જે તત્વ છે, જેના વડે જોઈ જાણી શકાય છે, જે ફીલ કરે છે, સુખ-દુઃખનું વેદન કરે છે. આવા ગુણોના ધારકને ભગવાને આત્મા કહ્યો છે. આ ગુણો મારામાં છે માટે ''હું આત્મા છું!''

એક વખત પરમ પૂજ્ય પપ્પાજીએ સત્સંગમાં કહ્યું હતું **''જે જણાય છે તે જડ અને જે જાણે છે તે ચેતન આત્મા છે.''** પછી જ્યાં નજર જાય અને જે દેખાય ટીવી છે, ઘર છે, ટ્રેન વિગેરે એ બધુ જડ છે અને આ જેને ખબર પડી એ ચેતન છે, આત્મા છે એમ વિચારવું. આ પ્રોસેસથી જડ અને ચેતનનો ભેદ વધારે સ્પષ્ટ થતો ગયો કારણ હંમેશા જડની જ આજુબાજુમાં રહેવાનું હોય. આ જડ છે અને જેને જણાયું એ આત્મા છે, મને આ જણાયું માટે, ''હું આત્મા છું.''

આમ પ્રત્યક્ષ જ્ઞાનીના સમાગમથી અને માર્ગદર્શનથી ઈન્દ્રિયાતિત, અગમ, અગોચર અનંતકાળથી પોતે પોતાનાથી છૂપાયેલો રહ્યો હતો એ, દર્શનજ્ઞાનગુણ ધારક, જોઈ જાણી શકવાની સમર્થતાવાળો, એવી જીવને સમજ પડી. તેથી જીવનો પ્રથમ પ્રશ્ન, હું કોણ છું ? એનો જીવને જવાબ મળે છે. આ દેહથી ભિન્ન ''હું આત્મા છું.''

જેમ હવાને જોઈ નથી શકાતી પણ ઠંડકના અનુભવથી હવાનું અસ્તિત્વ સ્વીકાર્યું છે એમ અનંતકાળથી અત્યાર સુધી આત્મા નરી આંખે જોઈ ન શકાય એવો પદાર્થ હોવાથી મળેલા દેહનેજ પોતાનું અસ્તિત્વ માન્યુ હતું અથવા પ્રાણ-ઈન્દ્રિયને. પરંતુ પ્રત્યક્ષ જ્ઞાનીના સમાગમ અને માર્ગદર્શનથી દેહની અંદર જે જ્ઞાન કરવાવાળો; જે ઈન્દ્રિયને શક્તિ આપે છે, જોવું અને જાણવું એ મુખ્ય ગુણ જેનો છે એને ભગવાને 'આત્મા' કહ્યો છે.

સમજણી થઈ ત્યારથી યાદ છે દર એક વેળા આ મને ગમ્યું, આ ન ગમ્યું, સારું છે, ખરાબ છે વિ. વિચાર, કોક'ના અકસ્માત, મૃત્યુ વિગેરેના સમાચાર મળતા અંદરમાં ધ્રાસકો પડવો, સારા સમાચાર સાંભળી અંદરમાં આનંદ થવો વિગેરે ફીલીંગ નિત્ય મને થાય છે જે કોઈ ઈન્દ્રિયને નથી થતી. અંતરમાં દેહની અંદર થાય છે એ ફીલ કરવાવાળો હું આત્મા છું એ હવે સમજાય છે.

મૃત્યુ વખતે કોઈને બોલતા સાંભળ્યા હશે, ''હવે હું જાઉં છું'' એટલે દેહ તો અહીંયા જ છે અને જો મારું મૃત્યુ થયું હોય તો મને કેવી રીતે ખબર પડે ? એટલે કે મૃત્યુ દેહનું થાય છે અને જીવે છે તે જીવ છે.

(... ક્રમશ) ◆

# પૂજ્યશ્રીના વચનના પ્રયોગથી ઝળહળતું પરિણામ

**એક મુમુક્ષુ**

આજથી ૮-૧૦ વર્ષ પહેલાં પૂજ્યશ્રીએ એક બચત બેન્ક આપેલ અને સાથે ચાર ભાવ લખાવ્યા હતા.

૧. મારા લોભ કષાયનો ક્ષય થાવ.

૨. મારી પરિગ્રહ બુદ્ધિ ટળી જાવ.

૩. મારું અપમૃત્યુ ટળે.

૪. મને સમાધિ મરણની પ્રાપ્તિ થાવ.

આ બેન્કમાં એ સમય પ્રમાણે મીનીમમ ચાર-આના રોજના નાખવાના કહેલ અને વધારે શક્તિ પ્રમાણે.

એ વખતે હું House wife અને મારી પર્સનલ બચત એટલે રક્ષાબંધન, દિવાળીમાં પિયરથી અને જૈન ધર્મની આયંબિલની શાશ્વતી ઓળી જેમાં નવ દિવસના આયંબિલ હોય ને પ્રભાવના મળે તે ''કવર'' આવતા. મને થયું પૈસા તો મારા પોતાના જ નાંખવા છે. કમાતા આવડતું નહોતું.

આત્મા છું, આત્મા છું બોલતાં હોઈએ, ભાવ કરતાં હોઈએ, એકાદવાર પ્રતીતિ પણ થઇ હોય, પણ ઉદયમાં તો વારંવાર ડોલતા હોઈએ. વળી વજન પણ મારું પહેલેથી વધારે. નિયમ તો પાળી જ ન શકું એટલું મન ઢીલું. આવા સંજોગોમાં બચત બેન્ક માટે ચાર ભાવના બળવાનપણા માટે આયંબિલની ઓળી શરૂ કરી.

૧. નવ દિવસમાં વચ્ચે શનિ-રવિ તો આવે. પતિદેવ અને દિકરો હોટલમાં જમે અને હું કહું, ''મારી પાંવભાજી ઉધાર, પીઝા ઉધાર.'' આમ બે વર્ષ ઓળીમાં ભાવ ઉતરચઢ થાય.

૨. આયંબિલની ઓળીમાં જમતાં-જમતાં ગરમ ઢોસા અને ઢોકળા પર દ્રષ્ટિ રહે. બીજા બે વર્ષ જતાં આત્મ સ્વદોષ દેખાય.

૩. આયંબિલની ઓળી આવે ને થશે કે નહીં ની અવઢવ રહે, એક એક દિવસ ગણું ને ભાવ ફર્યા કે ખાવાના ત્રણસો પાસઠ દિવસ ગણું છું? અને મન ફરવા માડ્યું. આયંબિલ સહજ થવા લાગી.

૪. આયંબિલ કરતાં કરતાં એવું લાગવા માંડયુ કે ૩૬૫ દિવસ આયંબિલ હોય તો કેટલું સારું ?

૫. આજે પણ મીઠાઈ ભાવે છે ખાઈ લેવાય છે પણ આયંબિલની જેવી સાદી રસોઈ પણ ઘરે જમી લેવાય છે. સ્વાદની તીવ્રતામાં ફરક પડ્યો છે, ભોજનની તીવ્રતામાં ફરક પડ્યો છે અને ભોજનની ઈચ્છામાં ફરક પડ્યો છે.

આમ એક પ્રયોગ કરતાં બીજો પ્રયોગ જોડાઈ ગયો. લોભ કષાય, પરિગ્રહ બુદ્ધિ પણ રોજ રોજ બોલતા બોલતાં પહેલી વાર તે શબ્દો સમજમાં આવે છે, પછી વૃત્તિ ઓળખાય છે, પછી ઉપશમ અને ક્ષયના પ્રોસેસ ચાલે છે. સામી બાજુએ પરિણામ ફરતાં કર્મ ફરેલા દેખાય છે જે પુરષાર્થ ને પ્રેરણા આપે છે.

પ્રયોગ દસેક વર્ષથી ચાલે છે. પણ કંટાળો નથી આવતો. આત્માનો વિકાસ સમજાય છે દેખાય છે. પૂ. પપ્પાજીએ અનેક પ્રયોગો કરવાના કહેલાં છે. નાના પ્રયોગો પણ કર્મ ખેરવવાના, કર્મના સિદ્ધાંત સમજવામાં ઘણા ઉપયોગી છે.

આજની આપણી અસ્ત-વ્યસ્ત, ભાગદોડ વાળી જીવન શૈલીમાં, વ્રત-તપથી શરીર સારું રહી આત્મસાધનામાં સહાયક થાય છે. નહિંતર આઈ.સી.યુ.માં બાટલા વચ્ચે અસમાધિમરણ આવીને ઊભું રહેશે. એવા પણ અનેક વિચારો આવ્યા અને આત્મબળ - નિશ્ચયાબળ વધતું પણ અનુભવ્યું.

પરમ ઉપકારી, પરમ પૂજ્ય શ્રી પપ્પાજીને અને તેમની ઉપદેશબોધ અને સિદ્ધાંતબોધ યુક્ત વાણીને મારા કોટિ-કોટિ પ્રણામ, વંદન. ◆

RIYF

# છ આવશ્યક

*આપણા રોજિંદા જીવનમાં જ્યારે દેહમાં અશક્તિ વર્તાય ત્યારે ડોક્ટર પાસે જઈ શક્તિની કેપસ્યુલ લઈએ છીએ, જેથી ફરી પાછી સ્ફુર્તિનો અહેસાસ થાય છે. એવી જ રીતે પરમાર્થમાં જ્યારે પ્રમાદ વર્તાય ત્યારે જ્ઞાની આપણને પરમાર્થિક કેપસ્યુલ આપે છે, જેનાથી આપણી સૂતી ચેતના જાગૃત થાય છે.*

*(ગતાંકથી ચાલુ....)*

## પ્રતિક્રમણનો અર્થ

o જાણતાં અજાણતાં થયેલ પાપોનો પસ્તાવો કરી, ગુરુ સમક્ષ તેનો એકરાર કરીને ક્ષમાપના માંગવાની એક વિશિષ્ઠ ક્રિયા છે.

## વિધિ સૂચના

૧. જીવરાશિ ખામણા પાઠઃ ચૌદ રાજલોક, સંસાર પરિભ્રમણની ચાર ગતિ, ચોવીસ દંડક, ચોર્યાસી લાખ જીવયોની

૨. પાપસ્થાનક આલોચના પાઠ

૩. કષાય અણુવ્રત આલોચના પાઠ - અંતર આલોચના જેમાં અંતરથી થયેલા કષાયોની ક્ષમાપના કરીએ છીએ.

૪. આસ્ત્રવ તથા કર્મબંધના હેતુઓની વિરમણ ભાવનાઓ - મોક્ષપદના હેતુરૂપ બોધિબીજ એટલે કે સમ્યક્ત્વની પ્રાપ્તિ તથા સંવર અને નિર્જરા માટે જીવના અનંતસંસારના હેતુરૂપ આસ્ત્રવ અને કર્મબંધના પાંચ મુખ્ય કારણો

૧. મિથ્યાત્વ
૨. અવિરતી
૩. પ્રમાદ
૪. કષાય
૫. યોગ

તેના વિરમણની ભાવનાઓ ભાવું છું..

૫. શ્રાવકાચાર વ્રતધર્મ અતિચાર સંવત્સરી આલોચના - અતિચાર એટલે વ્રતભંગ હેતુએ સાધન સામગ્રી એકઠી કરવી. નિયમબાધ અથવા નિષેધ કરેલ વસ્તુઓને ભોગોપભોગ હેતુએ ગ્રહણ કરવી...

પંચવિધ અતિચાર કરવામાં આવે છે.

૧. જ્ઞાનાચાર
૨. દર્શનાચાર
૩. ચારિત્રાચાર
૪. તપાચાર
૫. વીર્યાચાર

## ૧. જ્ઞાનાચાર :

**કાળ આચાર** - જે કાળે સ્વાધ્યાયની આજ્ઞા કરી હોય તે કાળે ન કર્યો હોય, અકાળે સ્વાધ્યાય કર્યો હોય.

**વિનય આચાર** - જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનના સાધનોના વિનય, વંદન આદિ સાચવ્યા ન હોય

**બહુમાન આચાર** - જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનના સાધનોનું બહુમાન ન કર્યું હોય, તેમની અવજ્ઞા, આશાતના કે અભક્તિ કરી હોય, તેમના પ્રત્યે અંતરંગ પ્રેમ ન રાખ્યો.

**ઉપધાન આચાર** - સૂત્ર સિદ્ધાંત ભણવા માટે વિહિત કરેલ તપ વિશેષ ન કર્યા હોય.

**અનિન્હવણ આચાર** - ભણાવનાર ગુરુની ઓળખાણ વિસારી હોય

**વ્યંજન આચાર** - સૂત્ર પાઠના ઉચ્ચારણમાં અશુદ્ધિઓ કરી હોય, શબ્દો આઘાપાછા બોલાયા હોય.

**અર્થ આચાર** - સૂત્રોના અનર્થ કર્યા હોય, જ્ઞાનીના આશય વિરાધ્યા હોય.

**તદુભય આચાર** - ઉપયોગરહિતપણે કે મનની એકાગ્રતા વિના સૂત્રોના ઉચ્ચારણ અને અર્થ બન્ને વિપરીતપણે ભણાયા હોય.

## ૨. દર્શનાચારઃ

**નિઃશંકીતપણું** - દેવ, ગુરુ, ધર્મતણા સ્વરૂપ વિશે નિઃશંકીતપણું ન કીધું

**નિઃકાંક્ષિતપણું** - લૌકિક ફળની અભિલાષાએ અન્ય મતની કાંક્ષા કરી.

**નિર્વિતિગિચ્છા** - વીતરાગમાર્ગના સાધુ, સાધ્વીના મલિન ગાત્ર, વસ્ત્ર, પાત્ર વિ. દેખી ધૃણા કરી, ધર્મના ફળમાં સંદેહ કર્યો.

**અમૂઢદષ્ટિ** - મિથ્યાત્વીના મંત્ર ચમત્કાર તથા અન્યધર્મીઓની પૂજા પ્રભાવના જોઈ તેમાં મોહ કર્યો.

**ઉપગૂહન** - સમકિતધારીના અલ્પગુણની પણ શુદ્ધ મનથી પ્રસંશા ન કરી.

**સ્થિતિકરણ** - યોગ્ય જીવોને જિનધર્મમાં જોડયા નહી.

**વાત્સલ્ય** - સાધર્મિક જીવોનું હિત ચિંતવન ન કર્યું.

**પ્રભાવના** - અન્ય દર્શનીઓ પણ જૈન ધર્મની અનુમોદના કરે, તેમજ જગતના જીવોને જૈનશાસન તથા આત્મધર્મની પ્રાપ્તી થાય તેવા કાર્ય ન કર્યા.

## ૩. ચારિત્રાચારઃ

**ઈર્યાસમિતિ** - અસાવધપણે ચાલ્યા હોય, હાલતા - ચાલતા ત્રસ - સ્થાવર જીવોની વિરાધના કરી હોય.

**ભાષાસમિતિ** - આક્રોશસહિત અને આવેશપૂર્વક કઠોર વચનો બોલ્યા હોય, પીડાકારી કટુવાણી કે વ્યંગવાણી થકી જીવોને દુભાવ્યા હોય.

**એષણાસમિતિ** - અણસૂઝતા અને સદોષ આહાર - પાણી લીધા હોય.

**આદાન-પ્રદાન સમિતિ** - વસ્ત્ર, પાત્ર, પુસ્તક, આસન, ઉપકરણ આદિ લેવા મુકવામાં ઉપયોગ ન રાખ્યો હોય, સૂક્ષ્મ બાદર જીવોને હણ્યા હોય.

**પારિઠ્ઠાવણિયા સમિતિ** - મળ, મૂત્ર, આદિ પરઠવવામાં ભૂમિનું પડિલેહણ ન કર્યું હોય, સૂક્ષ્મ બાદર જીવોને હણયા હોય.

**કાયગુપ્તિ** - અસાવધપણે વિભાવિક કાયચેષ્ટાઓ કરી, અંગોપાંગ સંકોચ્યા નહીં, શરીરતણી સ્વચ્છંદ ક્રિયાઓ કરી.

**વચનગુપ્તી** - નિરર્થકપણે ખરાબ વચનો બોલ્યા તેમજ અસંયમપણે અહિતકારી વાણી ઉચ્ચારી, મૌન તોડ્યા.

**મનોગુપ્તિ** - વિભાવિક ચિંતન કે અશુભ સંકલ્પ વિકલ્પ કર્યા.

## ૪. તપાચારઃ

**બાહ્ય**

**અનશન** - ઉપવાસ

**ઊણોદરી** - ઓછું જમવું

**રસપરિત્યાગ** - ઘી, તેલ આદિ ટેસ્ટ મેકરનો ત્યાગ

**વૃત્તિસંક્ષેપ** - દ્રવ્યો ઓછા લેવા

**કાયકલેશ** - આતાપના, પરિષહ, ઉપસર્ગ સહન કરવા

**સંલીનતા** - ઈંદ્રિયોને વશમાં રાખવી

**અભ્યંતરઃ**

**પ્રાયશ્ચિત** - દોષ લાગ્યે, પાપ કર્યે, પ્રાયશ્ચિત લેવા

**વિનય** - દેવ, ગુરુ, શાસ્ત્ર તણા વિનય સાચવવા

**વૈયાવચ્ચ** - અબાલ વૃદ્ધ, તપસ્વીની વૈયાવચ્ચ કરવી

**સ્વાધ્યાય** - વાંચન, પૃચ્છના, ધર્મકથા કરી સ્વાધ્યાય કરવો.

**ધ્યાન** - ધર્મધ્યાન, શુકલધ્યાન ધ્યાવવાં

**કાઉસગ્ગ** - દેહનું મમત્વ ટાળી કાઉસગ્ગ કરવું.

## ૫. વીર્યાચાર :

**યથાશક્તિ** - મન, વચન અને શરીરની સર્વ શક્તિ ને લેશ માત્ર પણ ગોપવ્યા વિના અપ્રમત્તભાવે ધર્મકાર્યમાં જોડવી

**યથાવિધિ** - ધર્મક્રિયાને ક્રમાનુસાર ઉલ્લાસિતભાવે કરવી

**યથાશ્રેણી** - ધર્મક્રિયાને ઉપયોગપૂર્વકની જાગૃતિથી અને સાવધાનીથી કરવી.

**૬. રત્નાકર પચ્ચીસી આલોચના**

**૭. ખામણા પદ**

**૮. ક્ષમાપના પદ**

एक प्रेरणात्मक सत्य कथा

# श्री हरिभद्रसूरि

चित्रकूट महाराजा के पुरोहित का गौरवपूर्ण पद, दर्शन शास्त्री की गहरी विद्वता होने पर भी बालक जैसी सरलता से हरिभद्र में समाया हुआ व्यक्तित्व अच्छे अच्छे पंडितों को व्याकुल कर देता था।

छोटे - नये विद्यार्थी जैसा जिज्ञासा का भाव उनमें भरा पड़ा था। नया जानने, सुनने एवं समझने के लिए हरिभद्र हंमेशा उत्सुक रहते थे। कुल एवं वंशपरंपरागत मिथ्या शास्त्रो की बिरासत हरिभद्र पुरोहित को स्वाभाविकता से मिली थी। इस कारण जैन शास्त्रों, जैन दर्शन या उसके पवित्र धर्मस्थानों के प्रति उनको सहज अरुचिभाव था। हो सके तो इन सबसे दूर रहने के वे अभ्यस्त हो चुके थे।

एक दोपहर को खास कारण से राजदरबार में जाने का अवसर आया। रास्ते से गुजरते हुए पंडित के पीछे, 'भागो, दौड़ो, पागल हाथी दौड़ा चला आ रहा है' की चीख पुकार होती सुनकर पंडित ने पीछे मुड़कर देखा। मानो साक्षात मृत्यु आ रही हो ऐसा राजहस्ती मदोन्मत बनकर जो भी चपेट में आया जाये उसे पछाड़ता और घनघोर गर्जनाए करता हुआ दौड़ा चला आ रहा था।

पंडितजी व्याकुल हो गये, क्या करुं? क्षणभर के लिए उलझन में पड़ गये। रास्ता संकरा था। दौड़कर आगे बढ़ने में भयंकर खतरा था, जिससे वे नज़दीक के मकान में घुस गये। पंडितजी ने अंदर जाकर देखा तो मकान सादा न था, वह सुन्दर जिन मंदिर था। श्री वीतराग अरिहंत देव की भव्य मूर्ति बिराजमान थी।

लेकिन कुल परंपरागत अरुचि हृदय में भरपूर थी। इसलिये जिनेश्वर देव की स्तुति करते हुए उनके हृदय में सद्भाव न जगा और स्तुति करते हुए वे बोलेः

'वपुरेव तवाचष्टे स्पष्टं मिष्टान्न भोजनम्।'

वाह! तेरा शरीर ही स्पष्ट बता रहा है कि, 'तू मिष्टान्न खाता है।' श्री तीर्थंकर देव जैनों के देवों की मजाक उडाने में हरिभद्र को बहुत मजा आया।

कुछ ही समय में हाथी वहाँ से गुजर गया था। भय दूर हो गया सो पंडित अपने घर आ गया। इस जगत में बहुत कुछ जाननेलायक है ऐसा वे महसूस करते थे। अपने ज्ञान का गर्व होने पर भी कुछ नया बतानेवाला मिले तो समझ में न आने पर उसके चरणों में गिरकर लौटने की सहृदयता इस राजपुरोहित में अपूर्व थी। एक सायंकाल को राजकार्य निबटाकर देर से घर की और शीघ्रता से पंडित हरिभद्र जा रहे थे। अचानक उनके कानों में कुछ मधुर शब्द टकराने लगे। स्वर स्त्री का था। शब्द बड़े अपरिचित थे। मार्ग पर के मकान की खिड़की से आते उन शब्दो को हरिभद्र पुरोहित ने ध्यानपूर्वक सुनें।

**चक्की दुगं हरिपळगं,**
**पळग चक्किण केसवो चक्की।**
**केसवो चक्कि केसव दु,**
**चक्कि केसीअ चक्कि।।**

हरिभद्र को यह गाथा नई लगी। उसमें रहे चक, चक शब्द पंडित को समझ में न आये। घर जाने की जल्दी थी फिर भी जिज्ञासाभाव उत्कट बना। वे मकान में गये। वह आवास जैन साध्वियों का था। साध्वीजी स्वाध्याय

आदि धार्मिक प्रवृत्तियों में मग्न थी। गाथा बोलनेवाली साध्वीजी के पास जाकर वे विनयपूर्वक बोलेः 'माताजी! यह चाक-चीक क्या है? यह गाथा समझ नहीं आ रही। कृपया इसका अर्थ समझाईये।'

उम्र में कुछ प्रौढ़ ऐसी यकिनी महत्तरा साध्वीजीने जवाब दिया, 'भाई! इस रात्रि के अवसर पर हम कोई पुरुष के साथ बात नहीं कर सकती। हमारी यह मर्यादा है। उसका पालन हमारे लिए उचित व हितकारी है। उपदेश देने का कार्य हमारे आचार्य महाराज का है। वे आपको इस गाथा का अर्थ समझायेंगे।' साध्वीजी के मुख से धीर-गंभीर शैली से कही गई यह बात हरिभद्र के गले में उतर गई।

आचार्य महाराज का स्थान ज्ञात करके पुरोहित वहाँ गये। वंदन करके बहुमानपूर्वक जैनाचार्य श्री जिनभद्रसूरि महाराज श्री के पास वे बैठे। अब तक जैन श्रमणों से दूर रहनेवाले हरिभद्र पंडित को जैन श्रमणों के वातावरण में रही पवित्रता, विद्वता तथा उदारता के पहली बार वहाँ दर्शन हुए। उनका निर्मल हृदय वहाँ झुक गया।

सहज जिज्ञासा से पूछा, 'भगवनं!' माताजी के मुख से जो गाथा सुनी है, उसका अर्थ कृपया समझाईये।'

जवाब में आचार्य महाराज ने जैनशास्त्र अनुसार काल का अवसर्पिणी-उत्सर्पिणी में क्रमानुसार दो चक्रवर्ती, पाँच वासुदेव, पाँच चक्रवर्ती, एक वासुदेव, एक चक्रवर्ती, एक वासुदेव, एक चक्रवर्ती - इस प्रकार उत्सर्पिणी काल में भी बारह चक्रवर्ती तथा नौ वासुदेव होते हैं।

जैन सिद्धांतों में रहे काल आदि के ऐसे सुसंवादी स्वरूप सुनने समझने के पश्चात हरिभद्र को अपने ज्ञान का गर्व उतर गया। उनकी सरलता जीत गई। उनको जैन दर्शनशास्त्रों का अध्ययन करने की चटपटी लगी। उन्होंने अपनी प्रतिज्ञा का पालन शुरू किया।

आचार्य महाराज के पास जाकर उन्होंने दीक्षा ग्रहण की। श्री जिनमंदिर में बिराजमान श्री वीतराग परमात्मा की भव्य मूर्ति देखकर उन्हें नई दृष्टि प्राप्त हुई, मिथ्यात्व का आंचल दूर हुआ। सहसा हृदय के बहुमान भाव से वे बोल उठे, 'वपुरेव तवाचष्टे वीतरागतामे।'

'हे भगवान! आपकी आकृति ही कह रही है कि आप राग अदि दोषों से दूर हैं। ऐसी वीतराग दशा के साक्षात स्वरूप आप हैं।'

दीक्षाकाल में उन्होंने जैन आगमों का अभ्यास किया। ज्यों ज्यों अभ्यास बढ़ता गया त्यों त्यों साधू श्री हरिभद्र के अंतर में दिव्य दृष्टि का तेज प्रकट होने लगा। संसार मात्र तारक के रूप में जैन आगमों की उपकारकता उन्हें समझ में आ गई। श्री जिनेश्वर देव की स्तवना करते हुए उनकी आत्मा अंदर से पुकार उठी, 'हे त्रिलोकनाथ! दुःषम काल के मिथ्यात्व आदि दोषों से दुषित हम जैसी अनाथ आत्माओं को यदि आप के आगम प्राप्त हुए न होते तो हमारा क्या होता?'

वे धर्मग्रंथो की रचना करने लगे। वे आचार्य बने लेकिन सर्वप्रथम मार्गदर्शक बनकर जिसने नई गाथा का श्रवण कराया था, उस याकिनी साध्वीजी को अपनी धर्ममाता के रूप में कभी न भूले। और इसलिये वे जैनशासन में **'याकिनी धर्मपुत्र'** के नाम से प्रसुद्ध हुए।

जीवन के दौरान उन्होंने महान ग्रंथ रचे है, जिसमें श्री नन्दीसूत्र, अनुयोग द्वारा सूत्र, आवश्यक सूत्र आदि आगमों पर विषद् टीकाएँ भी रची हैं। षड्दर्शन सम्मुचय, शास्त्रवार्ता सम्मुचय, ललित विस्तरा नामक चैत्वंदन सूत्रवृत्ति, पंचाशक, योगबिंदु, योगविशिका, धर्मबिन्दु आदि उनके प्रसिद्ध ग्रंथ है। उनका साहित्य विविध मौलिक और गहरा चिंतनवाला है। उन्होंने १४४४ ग्रंथो की रचना की थी। १४४० ग्रंथ रचे जा चुके थे लेकिन चार ग्रंथ बाकी थे। उस समय उन्होंने चार ग्रंथ के स्थान पर 'संसार दावानल' शब्द से प्रारंभ होनी चार स्तुति बनायी, उसमें चौथी श्रुतिदेवी स्तुति का प्रथम चरण रचा और उनकी बोलने की शक्ति बंद हो गई। बाकी की तीन चरणरूपी स्तुति उनके हृदय के भावानुसार श्री संघ ने रची, तब से तीन चरण श्री संघ द्वारा 'झंकारा राव सारा' पक्खी और संवत्सरी प्रतिक्रमण में उच्च स्वर से बोली जाती है। ◆

**सौजन्यः जिन शासन के चमकते हीरे**

**Dr. Harish Goshar**
**Dr. Deepika Dalal**

# MEDICAL CAMPS AT PARLI

## FIRST HEART CHECK UP CAMP

The Shree Raj Medical Centre (SRMC) is slowly but steadily spreading its wings in and around Parli and the neighbouring surroundings in its quest for providing basic and necessary medical and health care services and facilities to the needy and downtrodden.

On 2nd October, 2015, the SRMC conducted its first HEART CHECK UP CAMP. A team of 7 doctors and nurses from the Platinum Hospital along with another team of 16 doctors and assistants from the One Life Trust, Mulund supported by 15 volunteers from the Shrimad Rajchandra Aatma Tatva Research Centre (SRATRC) participated in this Camp.

This Camp received an overwhelming response as a total of 214 patients showed up for the check up, out of which 49 were diagnosed with heart ailment. 33 out of these underwent 2D Echo and diagnostic tests.

Hemalisha Gaikwad, a 2 year old baby was





diagnosed with congenital heart disease ASD with device closure and pulmonary artery tightness by Transcathetral method. Soham Gaikwad, a 4 year kid was also investigated for congenital heart disease. Both will be provided free treatment by the Lions Club of King's Circle and One Life Trust, who are working closely with SRMC.

## TYPHOID VACCINATION CAMP

As a part of its objective to provide preventive medical care in and around Parli, on 16th October, 2015, the SRMC conducted a Typhoid Vaccination Camp at Parli.

Typhoid is an illness which is not easily diagnosed and by the time it is, the patient has already undergone various and different kinds of treatment and spent a lot of money. A few years ago, the treatment used to cost about Rs.15-20,000/- but nowadays, the costs have gone up to about Rs.80,000/- including hospitalization.

Vaccination gives immunity and protection against Typhoid for 3 years and if followed up with a booster dose will provide protection up to 10 years. Even if Booster dose is not taken and in case there is an attack of Typhoid after 3 years, it would be mild and curable with ordinary medicines. SRMC tied up with Dr. Seema Joshi who has been conducting Typhoid Vaccination Camps since last 10 years along with a team of German doctors who provide the Vaccine. She was introduced by Dr. Lakshmi Lakhmanan, a Senior Dentist of the SRMC.

A total of 611 persons including 41 from SaNiSa, 511 SREC School students and staff, 59 SRATRC and construction workers and villagers were given the vaccine.



# Foot for Thought!



**Utsavi Chheda,** Mumbai

*(Continued....)*

## Footwear: Shoes and Socks

If you have diabetic neuropathy or nerve damage that has affected foot sensitivity, youmay overlook cuts or bumps. You can help protect your feet by wearing shoes at all times.

## Shoes

- Choose comfortable, well-fitting shoes with plenty of room, especially in the toe box. Never buy tight shoes hoping they will stretch.
- Do not wear shoes made out of plastic or other materials that do not breathe. Choose leather, canvas or suede.
- Avoid thong sandals, flip flops, pointed-toe and open-toe shoes and very high heels.
- Wear shoes that can be adjusted with laces, buckles or Velcro.
